ઉચ્ચ જીવનના નિયમો

(Laws of Higher Life).

ડૉ. બેસન્ટના વ્યાખ્યાનો ઉપરથી,

અનુવાદક તથા પ્રકાશક,

મણિલાલ નથુભાઈ દોશી, બી. એ.

ઠે. રતનપોળ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૫૦. સને ૧૯૨૬.

અમદાવાદ-સલાપોસ રોડ,

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

મૂલ્ય ચાર આના.

ઉચ્ચજીવનના નિયમો.*

(૧) વિશાળ ભાન.

જેઓ વિચારવંત છે, જેઓ ખરા દીલથી કામ કરનારા છે, જેઓ મનુષ્યજાતિની સેવા કરવા ઇચ્છે છે, અને જેઓ વિકાસક્રમમાં આખી માનવપ્રજાને મદદ કરવા ધારે છે, તે મનુષ્યોને ઘણોજ ઉપયોગી થઇ પડે તેવા વિષયનો આપણે અહીં સાથે અભ્યાસ કરીશું. મેં મારા વ્યાખ્યાનોનું મથાળું "ઉચ્ચ જીવનના નિયમો" એવું રાખ્યું છે; કારણ કે જેને ઉચ્ચ જીવન સાથે સંબંધ છે તેવી ધર્મની બાબતનો વિચાર કરતા ઘણા પુરૂષો તે વિષયને કોઇ પણ નિયમ લાગુ પડતો નથી એમ ગણે છે, અને તેને આપખુદી તરંગની વિચિત્ર કક્ષામાં મુકી દે છે. અથવા તે વિષયને એવા પ્રદેશમાં મુકી દે છે, કે જ્યાં કોઈ પણ જાતનો પ્રયત્ન કર્યા વિના ફળ મળે છે, અથવા તો કોઇ પણ જાતની નિર્બળતા વિના મનુષ્યનો પરાભવ થાય છે. અધ્યાત્મજીવન નિયમને આધીન નથી, એ વિચાર ઉપર ઉપરથી જોતાં સ્વાભાવિક લાગે; કારણ કે સ્થૂલભુવનના કેટલાક નિયમોનો જેવી રીતે અનાદર કરવામાં આવે છે, તેવી રીતે આ બાબતમાં પણ બનેલું છે.

* ડો. બેસન્ટના Laws of Higher Life એ નામના પુસ્તકનો અનુવાદ.

કેટલીકવાર કુદરતી શક્તિઓ એકાએક ફાટી નીકળેલી આપણા જોવામાં આવે છે. એક મોટો ધડાકો થાય છે અને તેની સાથે થોડા કલાકોમાં એક મોટો પર્વત ખડો થાય છે, અને જ્યાં પ્રથમ લીલું ઘાસ હતું ત્યાં કોતરો અને ખડકોવાળા શિખરો આપણી નજરે પડે છે. અને સાદી ખીણમાં ઉપસી આવતી ટેકરીઓની રૂપરેખા આપણા દૃષ્ટિપથમાં આવે છે. આવા મોટા ફેરફારો મનુષ્યોને કાંઇક આપખુદી તરંગ, અથવા તો મોટો અકસ્માત અથવા તો મોટી અવ્યવસ્થા, અથવા કાંઇ અણધારેલું પરિણામ અથવા તો વિકાસક્રમના સામાન્ય નિયમોના અપવાદતુલ્ય જણાતા હતા, પણ વિશેષ અભ્યાસથી આપણે જાણીએ છીએ કે દરિયાનું તળીઉં ધીમે ધીમે વૃદ્ધિ પામી આખરે હજારો વર્ષ પછી તે તળીઉં પર્વતોની હાર રૂપ બની જાય છે. આ બાબતમાં કાંઈ વિચિત્રતા નથી તેમજ જ્વાળામુખી પર્વતના એકાએક ફાટવામાં પણ કાંઇ અવ્યવસ્થા નથી. પ્રથમ બાબતને વ્યવસ્થિત ગણવામાં આવતી હતી, ત્યારે બીજી બાબતને અકસ્માતરૂપ માનવામાં આવતી હતી, પણ હવે આપણે જાણીએ છીએ કે સઘળી કુદરતી ક્રિયાઓ ધીરી હોય કે ઉતાવળી હોય, અચાનક હોય કે પ્રથમથી ધારેલી હોય; છતાં તે સર્વે નિયમમાં આવી જાય છે અને તે વ્યવસ્થા પ્રમાણેજ બન્યા કરે છે.

આધ્યાત્મિક દુનિયામાં પણ આવીજ સ્થિતિ છે. આપણને કેટલીક વાર મનુષ્યનું આખું જીવન બદલાઇ જતું જણાય છે. બહારનો દેખાવ જોતાં તેનું સમગ્ર ચારિત્ર બદલાઇ ગએલું જણાય છે. એક કલાકમાં મનુષ્યના સકળ સ્વભાવમાં પરિવર્તન જોવામાં આવે છે. પણ અહીં પણ આપણે સમજતાં શીખ્યા છીએ કે નિયમ સર્વોપરિ છે. આ બાબતમાં ઘણું એવું પણ હોય કે જે એકદમ આપણા કળવામાં

ન પણ આવે, પણ તેમાં કાંઇ અવ્યવસ્થિતતા નથી. અને આપણને અનુભવ થતો જાય છે કે સ્થૂલ ભુવનની માફક આધ્યાત્મિક ભુવનમાં પણ એક પરમજીવન છે, અને તે અનેક આકારોદ્વારા પ્રકટ થાય છે. ઝાંખી અને અંધ જેવી બનેલી દૃષ્ટિને તે પરમજીવનનાં કાર્યો ગમે તેટલાં વિચિત્ર, ગમે તેટલાં આશ્ચર્યકારક અને ગમે તેવાં અણુધાર્યા લાગે, છતાં તે બધાં કાર્યો અમુક નિયમ અને વ્યવસ્થા પ્રમાણે ચાલે છે.

માટે પ્રથમ આપણે નિયમનું સ્વરૂપ વિચારવા શોધીશું અને તેનો શો અર્થ છે તે વિચારીશું. નિયમનો શો અર્થ થાય છે, એ સમજાવ્યા પછી ધર્મ અથવા ધાર્મિક વિચારની સહાય લીધા સિવાય નિઃશંકપણે હું સિદ્ધ કરવા માગું છું કે મનુષ્યના મગજદ્વારા અને જ્ઞાનતંતુઓદ્વારા જે ભાન કામ કરી રહ્યું છે તે કરતાં વિશાળ ભાન જગતમાં છે. તે ભાન જાગ્રત ભાન કરતાં ઘણું વિશાળ હોય છે. કર્તવ્યનો નિયમ બરાબર સમજવાથી, જીવનની દરેક ફરજ બરાબર રીતે અદા કરવાથી તે ભાન કેવી રીતે વધારે ખીલી શકે તે આપણે આગળ ઉપર વિચારીશું અને છેવટે આપણે વધારે ઉચ્ચ અને વધારે ઉત્કૃષ્ટ પ્રદેશમાં વિચરીશું કે જ્યાં બહારની ફરજને બદલે અંતરનો નિયમ કાર્ય કરે છે, જ્યાં દેવું વાળવારૂપ કર્તવ્ય બજાવવાને બદલે આત્મભોગરૂપે જીવન અર્પવામાં આવે છે, જ્યાં દરેક કામ ખુશીથી હર્ષપૂર્વક અને અર્પણબુદ્ધિથી કરવામાં આવે છે. તે આત્મભોગમાં મનુષ્ય એમ પ્રશ્ન કરતો નથી કે, "મારે શું કરવું જોઇએ ? મારૂં શું કર્તવ્ય છે ?" પણ તે એટલા માટે કામ કરે છે કે ઇશ્વરી જીવન તેને પ્રણાલિકા તરીકે વાપરે, અને તેનો આંતર નિયમ પૂર્ણ હોવાથી તેને બાહ્ય દબાણની જરૂર પડે નહિ. તે યજ્ઞના—આત્મભોગના નિયમ પ્રમાણે ચાલીને આગળ વધે છે. આ યજ્ઞનો નિયમ વિશ્વપર તેમજ

મનુષ્યોનાં હૃદયોપર રાજ્ય ચલાવે છે. આ યજ્ઞ એ દિવ્ય યજ્ઞનું ઝાંખું પ્રતિબિંબ છે કે જે દિવ્ય યજ્ઞવડે ભુવનો રચવામાં આવ્યાં હતાં. જ્યાં મનુષ્યનું હૃદય યજ્ઞમૂર્તિ–પ્રભુના ચરણકમળ આગળ ઝુકી પડે છે, ત્યાં આ યજ્ઞનું પ્રતિબિંબ અથવા ઝાંખું સ્વરૂપ જોવામાં આવે છે. તે પછી આ હૃદય દિવ્યજીવનપ્રવાહની પ્રણાલિકા બને છે. આ પ્રણાલિકા ગમે તેટલી નાની કે બીનમહત્ત્વની હોય તે જોવાનું નથી. તે હૃદય ઇશ્વિરીજીવનની પ્રણાલિકા બને છે, અને આ પ્રણાલિકા તે હૃદયે આપેલા અલ્પ આત્મભોગને લીધે ભરાઇ શકતી નથી; પરંતુ જ્યારે ઇશ્વિર મનુષ્યને પ્રણાલિકા તરીકે વાપરે છે ત્યારેજ તે ઇશ્વિરી પ્રવાહને લીધે ભરાઇ જાય છે.

હવે આપણે ‘ નિયમ ’ શબ્દનો શો અર્થ છે, તે સમજવા પ્રયત્ન કરીએ. નિયમનો અર્થ શો છે તે પ્રશ્નના સંબંધમાં લોકોના મનમાં ઘણી ગુંચવણો જોવામાં આવે છે. આથી અભ્યાસક ઘણા સંશયમાં અને ગોટાળામાં પડી જાય છે.

જ્યારે આપણે દેશના કાયદાઓ વિષે બોલીએ છીએ, ત્યારે તેનો અર્થ આપણે બરાબર સમજીએ છીએ. દેશના કાયદાઓ નિરંતર બદલાતાજ હોય છે; કાયદા બાંધનારી સત્તાના વિચારની સાથે તે કાયદાઓ બદલાય છે, પછી તે સત્તા આપખુદી રાજાના મુખનો શબ્દ હોય, અથવા કાયદા બાંધનારી સભાનો અવાજ હોય કે રાજાના નામથી તે કાયદો જાહેર કરવામાં આવ્યો હોય કે જે પ્રજામાં તે કાયદો ચાલવાનો હોય તે પ્રજાના નામથી કહેવામાં આવ્યો હોય. કાયદો હંમેશાં રચવામાં આવે છે, ફરમાનો કાઢવામાં આવે છે, અને જે સત્તાથી કાયદો બાંધવામાં આવે છે, તે સત્તા તે કાયદો રદ પણ કરી શકે છે. દેશના કાયદાના સંબંધમાં આપણે

ફક્ત આ એકજ બાબત ધ્યાનમાં રાખવાની નથી. દેશના કાયદાઓ આજ્ઞારૂપ હોય છે. " આમ કરો " " આમ કરતા ના. " અને તે આજ્ઞા ન પાળવામાં આવે તો સજા કરવામાં આવે છે. જો તમે અમુક કાયદાનો ભંગ કરો તો તમને અમુક પ્રકારની સજા કરવામાં આવશે.

વળી જુદા જુદા દેશના કાયદાઓને લગતી શિક્ષાઓનો તેમજ એકનો એક કાયદો તોડવા માટેની શિક્ષાનો જો આપણે વિચાર કરીએ તો આપણને જણાય છે કે તે શિક્ષાઓ કાયદાઓની માફક આપખુદી અને બદલાતી હોય છે. જે કાર્યથી કાયદાનો ભંગ કરવામાં આવ્યો, તેના પરિણામરૂપ શિક્ષા હોતી નથી; પણ કાયદાના ભંગના સંબંધમાં મનસ્વીપણે શિક્ષા નક્કી કરવામાં આવી હોય છે. અને ગમે તે સમયે તેમાં ફેરફાર થઇ શકે છે.

દાખલા તરીકે એક મનુષ્ય ચોરી કરે છે. એક પ્રજા તે ગુનાહ માટે તે મનુષ્યને કેદમાં મોકલે છે. બીજી પ્રજા તેને ચાબકા મારી જતો કરે છે, ત્રીજી પ્રજા જે હાથે ચોરી કરી તે હાથ કાપવાની સજા ફરમાવે છે, અને ચોથી પ્રજા તે મનુષ્યને ફાંસીએ લટકાવવાની સજા કરે છે. આ દરેક બાબતમાં શિક્ષા અને ગુના વચ્ચે કાંઇ સંબંધ જણાતો નથી.

પણ જ્યારે આપણે કુદરતી નિયમો વિષે બોલીએ છીએ, ત્યારે મનુષ્યકૃત કાયદાઓનાં જે લક્ષણો આપણે ઉપર વિચારી ગયા તેવાં કોઇ પણ લક્ષણ જોવામાં આવતાં નથી. કુદરતનો કાયદો એ કોઇ પણ સત્તાએ જાહેર કરેલી આજ્ઞા નથી. તે આપણને જણાવે છે કે અમુક સંયોગો હોય તો અમુક પરિણામ જરૂર આવે, તેમાં કાંઈ આજ્ઞા નથી, પણ અમુક શરતો પ્રતિપાદન કરવામાં આવે છે. જ્યાં

જ્યાં તે શરતો–તે સંયોગો માલમ પડે, ત્યાં ત્યાં અમુક બનાવ અવશ્ય બનવાનો, અમુક સ્થિતિ પછી અમુક સ્થિતિ આવવી જ જોઇએ, તેનું જ્ઞાન આપણને કુદરતી નિયમો આપે છે.

આ નિયમો અચળ હોય છે, ચોક્કસ હોય છે, અને તેમાં કોઇ પણ પ્રકારનો ફેર થઈ શકતો નથી; કારણ કે આ નિયમો તે ઇશ્વરી સ્વરૂપના પ્રકટ સ્વરૂપો છે, કે જેમાં ફેરફાર થઇ શકે નહિ અને જેમાં જરા માત્ર વિકૃતિ સંભવી શકે નહી. કુદરતી નિયમ એ "આમ કરો," અથવા "આમ કરતા ના," એવી આજ્ઞા કરતો નથી; તેતો એક નિશ્ચિત હકીકત છે કે "જો આવા પ્રકારની સ્થિતિ હશે તો આવું પરિણામ આવશે." જો તે સ્થિતિ બદલાય તો પરિણામ પણ અવશ્ય બદલાયા વિના રહે નહી.

કુદરતના નિયમમાં આપખુદી સજા હોતી નથી. કુદરત કોઇને શિક્ષા કરતી નથી, કુદરત અમુક શરતો પ્રતિપાદન કરે છે કે આ કામનું પરિણામ આવું આવશે; કુદરત તે સિવાય કાંઇ વિશેષ કરતી નથી. અમુક સ્થિતિ હોય તો અમુક પરિણામ આવવું જ જોઇએ. પરિણામ એ તો કાર્યની પાછળ આવતું ફળ છે. તેમાં કાંઈ આપખુદી શિક્ષા હોતી નથી.

પણ કુદરતી કાયદાઓ અને મનુષ્ય કૃત કાયદાઓ વચ્ચેનો ભેદ જરા વધારે વિચારીએ. મનુષ્યકૃત કાયદાનો ભંગ કરી શકાય. કુદરતી કાયદાનો કદાપિ ભંગ થઈ શકે નહી. કુદરત પોતાના કાયદાનો ભંગ જાણતી નથી. તમે મનુષ્યકૃત કાયદાને ભાંગી શકો, પણ કુદરતના નિયમોને કદાપિ ભાંગી શકો નહી. તમે ગમે તે કરો પણ નિયમ તો તેનો તેજ રહે છે. તમે તે નિયમ વિરૂદ્ધ તમારી જાતના ચુરેચુરા કરી શકો, પણ નિયમ તો બદલાયા વિના

એમનો એમ રહેશે. તમે તે કાયદા આગળ તમારો નાશ કરો, અ-થવા થરથરતા ઉભા રહો, પણ તે નિયમ તો ખડકની માફક અડગ રહે છે, જેની સાથે મોજાંઓ અથડાઇને ભાગી પડે છે. તે મોજાંઓ ને ખડકને એક વાળ જેટલો પણ ડગાવી શકતાં નથી. તેઓ તે ખડ-કની તળેટી આગળ ભાંગી પડે છે, અને ફીણરૂપ બની જાય છે.

આ પ્રમાણે કુદરતી નિયમ છે. તેમાં અમુક શરતો પ્રતિપાદન કરવામાં આવી હોય છે, ને શરતોનું ચોક્કસ પરિણામ જણાવવામાં આવ્યું હોય છે, અને ભંગ ન થાય અથવા તૂટે નહી તેવા બના-વોનું કથન કરવામાં આવ્યું હોય છે; આનું નામજ નિયમ. જ્યારે તમે હલકા જીવનની માફક ઉચ્ચ જીવનનો વિચાર કરો ત્યારે પણ ઉપરની બાબત તમારે ધ્યાનમાં રાખવી જોઇએ.

આ નિયમ જયારે બરાબર સમજવામાં આવે છે ત્યારે પૂર્ણ નિર્ભયતા, અનંતશક્તિ, અને અપરિમિત વિકાસની શકયતાનું તમને ભાન થવા લાગે છે. એક દિવસ અમુક થાય અને બીજે દિવસે તેથી જુદુંજ પરિણામ આવે, એવા આપખુદી તરંગોના રાજ્યમાં તમે રહેતા નથી. અમુક પરિણામ ચોક્કસ આવશેજ એવી દૃઢતાથી તમે કામ કરી શકો.

તમારી પોતાની કલ્પના પ્રમાણે નિયમમાં ફેરફાર થઇ શકે નહી. તમારી ક્ષણે ક્ષણે બદલાતી લાગણીઓથી શાશ્વત ઇચ્છામાં ફેરફાર થઇ શકે નહી. તમે પરિણામમાં પૂર્ણ શ્રદ્ધા રાખી કામ કરી શકો, કારણકે તમે સત્ય ઉપર આધાર રાખો છો. તે સત્ય તત્ત્વજ વિશ્વમાં વ્યાપી રહેલો એક નિયમ છે.

પણ આ નિયમના રાજ્યમાં શાંતિથી અને નિર્ભયતાથી કામ કરવા માટે કાંઇક વિશેષ તત્ત્વની જરૂર પડે છે. તે તત્ત્વ તે જ્ઞાન છે.

જ્યાં સુધી આપણે નિયમો જાણતા ન હોઇએ ત્યાં સુધી તે નિયમો આપણને એક સ્થળેથી બીજે સ્થળે ફેંકી દે, આપણી યોજનાઓ તોડી નાંખે, આપણા પ્રયત્નો નિષ્ફળ બનાવે, આપણી આશાઓને નિરાશાના રૂપમાં ફેરવી નાંખે, આપણને ધૂળ ભેગા કરી નાંખે. આ નિયમો આપણી અજ્ઞાનાવસ્થામાં આપણી સ્થિતિ ઉપર જણાવ્યા પ્રમાણે કરે છે, પણ નિયમોનું જ્યારે આપણને જ્ઞાન મળે છે, ત્યારે તેજ નિયમો આપણા સેવકો, મદદગારો થઇ આપણને ઉંચે દોરનારા થઇ પડે છે. આ દેશમાં તેમજ બીજા દેશોમાં તે અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રીના શબ્દો મેં કેટલી બધી વાર કહી બતાવ્યા છે કે "કુદરતને અનુકૂળ વર્તી આપણે કુદરત પર જય મેળવીએ છીએ" આ શબ્દો સુવર્ણ અક્ષરે કોતરાવા જોઇએ.

નિયમને જાણો, તેને પાળો, તેને અનુકૂળ થઇ વર્તો, અને તે તમને પોતાના અનંત બળથી ઉંચે ચઢાવશે, અને જે સાધ્યબિન્દુએ પહોંચવાની તમે સ્પૃહા રાખતા હતા, ત્યાં તે તમને લઈ જશે. જે નિયમ આપણી અજ્ઞાનદશામાં ભયંકર લાગે છે, તેજ નિયમ સમજવામાં આવતાં આપણો રક્ષક બને છે. ભૂતકાળના વર્ષોમાં વિજ્ઞાનશાસ્ત્રે આ અદ્‌ભુત સત્ય આપણને બહુ જ સારી રીતે સમજાવ્યું છે. તોફાની આકાશમાં તમે વીજળીના ચમકારા જુઓ છો. તે વીજળી નીચે આવે છે, તે મિનારા કે શિખર સાથે અફળાય છે, અને જુઓ! તે મિનારો કે શિખર તૂટી પડે છે. તે વીજળીના નહિ સમજાયેલા અને નહિ વશ કરવામાં આવેલા વેગથી તે નાશ પામી જાય છે. આ કેટલું ભયંકર, કેટલું ત્રાસજનક અને કેટલું અકળ છે! બીચારો મનુષ્ય આ આકાશના અગ્નિની કેવી રીતે સામો થઇ શકે? પણ મનુષ્યો તેજ આકાશી અગ્નિ–વીજળીને પોતાની સેવામાં ઉપ-

યોગ કરતા શીખ્યા છે. જ્ઞાનબળથી તે વીજળીને સેવાના કાર્યમાં જોડવામાં આવી છે.

હવે તેજ વીજળીની શક્તિ મનુષ્યના સંદેશાઓ દરીઆ અને જમીનપર લઇ જાય છે, અને હજારો માઇલ દૂર ગયેલા પુત્રને તેના પિતા સાથે દિલસોજી અને પરસ્પરના વાર્તાલાપની પ્રેમાળ ગાંઠ વડે જોડી દે છે. જે વીજળી નાશ કરતી હતી તેજ વીજળી વિદ્યુત્પ્રવાહ રૂપ બની ચિંતાતુર માબાપને આશા અને જીવન આપે છે, અને જમીન તથા દરીયાપર પ્રેમ અને શુભ ભાવનાના સંદેશાઓ લઇ જાય છે. જ્યારે આપણે કુદરતને અનુકૂળ થઇ કામ કરવા લાગીએ, ત્યારે કુદરત ઉપર આપણે જય મેળવીએ છીએ, અને તેની શક્તિઓ આપણા નોકરો બને છે.

ઉપર તેમજ નીચે બધી શક્તિઓના સંબંધમાં ઉપરની હકીકત ખરી છે. દૃશ્ય તેમજ અદૃશ્ય વિશ્વમાં આજ નિયમ લાગુ પડે છે. જો તમારે ઉચ્ચ જીવન ગાળવું હોય તો તે જીવનના નિયમો તમારે જાણવા જોઇએ. તે નિયમોને જાણો એટલે તે નિયમો તમને તમારા સાધ્યબિન્દુ તરફ લઇ જશે. તમે જો તે સંબંધી અજ્ઞાન રહો તો તમારા પ્રયત્નો નિષ્ફળ જશે અને તમારી મહેનત, જાણે તે લેવામાં આવીજ ન હોય તેમ, અફળ થશે.

હવે આપણે જેને વિશાળ ભાન કહીએ છીએ, તેનો વિચાર કરીશું. આજે હું તે બે દૃષ્ટિબિન્દુથી તમારી સન્મુખ બોલવા માગું છું. પ્રથમ આપણે પૂર્વના લોકોને પરિચિત દૃષ્ટિબિન્દુ તપાસીશું. તે ચૈતન્યનો અંદરથી અભ્યાસ કરવાનું શીખવે છે. તે જણાવે છે કે શરીરમાં રહેલું ચૈતન્ય એ ચૈતન્યનું હલકામાં હલકું રૂપ છે—તે ઉચ્ચ અને વિશાળ ચૈતન્યનો પરિમિત ભાગ છે. હું આજે કેવળ

તેજ દૃષ્ટિ બિન્દુથી નહિ બોલતાં પશ્ચિમના લોકોનાં દૃષ્ટિ બિન્દુથી પણ બોલવા માગું છું. અને પશ્ચિમનું દૃષ્ટિબિન્દુ જણાવવાનું કારણ એ છે કે પશ્ચિમનું વિજ્ઞાન અને પશ્ચિમના વિચારો આ દેશમાં ફેલાવા લાગ્યા છે. તેમના સંબંધમાં એટલી બધી દેખીતી નિશ્ચિંતતા છે, અને એટલો બધો મોહ છે કે જ્યાં પૂર્વની પરિચિત રીતે દર્શાવેલા સત્યની મનપર અસર ન થાય, ત્યાં કદાચ પશ્ચિમની રીતે દર્શાવેલી ભાવનાને સાંભળનારા મળી આવે. હું તમને એમ જણાવવા માગું છું કે જડવાદના વિચારમાં અને પશ્ચિમના જડવાદી વિજ્ઞાનમાં ઉછરેલા ઘણા વિદ્વાનો મગજના ભાન (ચૈતન્ય) કરતાં ઉંચા પ્રકારનું ચૈતન્ય છે, એમ કબુલ કરે છે. તેઓ સ્વીકારે છે કે શરીરની પેલી પારનું ચૈતન્ય છે. એ બાબતથી તેમને આશ્ચર્ય થાય છે, અને તેમને ગુંચવણ પણ પડે છે. તે સંબંધી તેઓ ચર્ચાઓ અને ભારે વાદવિવાદો કર્યા કરે છે. આ બાબતમાં વિજ્ઞાન શાસ્ત્રીઓ અનેક પ્રકારના પ્રયોગો કરે છે. તેઓ તે સમજવાને પ્રયત્ન કરે છે. અને તેઓ તેને નિયમના પ્રદેશમાં લાવવા પ્રયત્ન કરે છે. સ્થૂલ ભુવનપર પ્રયોગો કરીને તેઓ તે પરિણામ લાવવાને સમર્થ થાય છે કે જે પરિણામ પૂર્વના દેશોમાં યોગ વડે અને ઉચ્ચ ચૈતન્યના વિકાસદ્વારા લાવવામાં આવે છે. આ ઉચ્ચ ચૈતન્ય વડે તેઓ ઉંચેથી સ્થૂલ ભુવન પરની વસ્તુઓ જોઇ શકે છે. પૂર્વનું માનસશાસ્ત્ર જીવાત્માના ઉચ્ચ સ્વભાવથી શરૂઆત કરે છે, અને વિવિધ ઉપાધિઓમાં તે આત્માને કામ કરતો જુએ છે, અને સ્થૂલ ભુવનપર તેની શી અસર થાય છે તે અનુમાનો દ્વારા કહી બતાવે છે.

પાશ્ચિમાત્ય માનસ શાસ્ત્ર સ્થૂલ ભુમિકાથી શરૂઆત કરે છે. પ્રથમ ઉપાધિનો અને પછી તે ઉપાધિમાં રહેલા ચૈતન્યનો અભ્યાસ

કરે છે. તે પગલે પગલે આગળ વધે છે; છેવટે આ શારીરાદિક સ્થિતિઓને ઓળંગવાની તેને ફરજ પડે છે, ત્યારે પૂર્વના પ્રદેશોમાં ઘણા કાળથી જાણીતી એવી ચૈતન્યસ્થિતિ અકુદરતી રીતે લાવવાને વિજ્ઞાનશાસ્ત્ર પ્રયત્ન કરે છે, અને વસ્તુઓ સંગત અને બુદ્ધિગમ્ય થાય તે માટે અનિશ્ચિત રીતે જેમ આંધળો ફાંફાં મારે તેવી રીતે કોઇ સિદ્ધાંત શોધી કાઢવા મથે છે. આ લાંબો રસ્તો કાંઈક વિચિત્ર છે, અને તેમાં મોટા ફળની આશા રાખી શકાય તેમ નથી; પણ તે છતાં ઋષિઓની આધ્યાત્મિક દૃષ્ટિથી જે સાધ્ય બિન્દુ શોધવામાં આવ્યું હતું, તેના જેવા સાધ્ય બિન્દુ તરફ તે પાશ્ચિમાત્ય માનસશાસ્ત્રના અભ્યાસીઓ ધીમે ધીમે આવતા જાય છે.

આ રીતે આજના ભાષણમાં વિચાર કરવા આપણે પ્રયત્ન કરીશું. જે માનસિક શક્તિઓ, લાગણીઓ વગેરે તમારા દરરોજના જીવનમાં જુઓ છો, તેમાં જેનો સમાવેશ થાય છે તેવા જાગ્રત ચૈતન્ય-ભાન વિષે વિચાર કરવા આપણે થોભીશું નહિ. પશ્ચિમના લોકો મગજ અને જ્ઞાનતંતુની રચના દ્વારા આ વિષયનો અભ્યાસ કરવા લાગ્યા. પચીસ વર્ષ ઉપર એવો એક સમય હતો કે જ્યારે શરીરવિદ્યાના જ્ઞાન પર જે માનસશાસ્ત્ર ન રચાયું હોય તે પૂર્ણ ગણાતું ન હતું. તેની આજ્ઞા આ પ્રમાણે હતી. "તમારે શરીરનો અને જ્ઞાનતંતુ-રચનાનો, તેના કાર્ય કરવાના નિયમોનો, અને તેની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો જોઇએ. પશ્ચિમના વધારે આગળ વધેલા વિજ્ઞાન-શાસ્ત્રીઓ હવે આ મતને પુરેપુરો ટેકો આપતા તમારા જોવામા આવે, એમ મારૂં માનવું નથી. પણ તે છતાં તે શરીરવિદ્યાની પદ્ધતિએ અભ્યાસ કરીને તેઓએ જાણવાજોગ શોધો કરી છે. મનુષ્યો જ્યારે પ્રમાણિકપણે કુદરતને પૂછે ત્યારે જરૂર તેઓ સત્ય પ્રાપ્ત કરી શકે.

પ્રથમ તેઓએ એ શોધી કાઢયું કે મનુષ્યનું ચૈતન્ય કેવળ જાગ્રત્ સ્થિતિમાંજ ગોંધાઇ રહેલું નથી. તેઓ સ્વપ્નનો અભ્યાસ કરવા લાગ્યા. જ્યારે શરીર ઉંઘમાં હોય ત્યારે ચૈતન્ય શું કામ કરે છે, તેનું તેઓ પ્રથક્કરણ કરી સમજવા લાગ્યા. ઘણી હકીકતો એકઠી કરીને તેઓએ તેને અમુક પદ્ધતિસર ગોઠવી, પણ તેઓને જણાયું કે તેઓની તપાસ સંતોષકારક ન હતી. કારણ કે જે સ્થિતિઓનો તેઓ અભ્યાસ કરવા માગતા ન હતા, તે સ્થિતિઓને અટકાવવાને તેઓ સમર્થ ન હતા. કેટલીકવાર શરીરના અમુક અંગની અવ્યવસ્થિત સ્થિતિને લઇને સ્વપ્ન આવતું હતું. કેટલીકવાર અપચાને લીધે અથવા હદ બ્હાર ભોજન કરવાથી તે સ્વપ્ન આવતું હતું. તેઓ આ કારણો દૂર કરવા માગતા હતા. આખરે તેઓ એવા વિચાર પર આવ્યા કે મનુષ્યને ઉંઘમાં ને તંદ્રામાં નાખીને તેની સ્વપ્ન સ્થિતિના ચૈતન્યનો અભ્યાસ કરવો. આ તંદ્રા એ અમુક સ્થિતિવાળી સ્વપ્નદશાજ છે. આવી દશા ઇચ્છા પ્રમાણે લાવી શકાય, અને આવી દશા તે શરીરના અમુક અંગની અવ્યવસ્થિત દશાનું પરિણામ ન હતું.

આ ધોરણે તેઓએ 'હિપ્નોટીઝમ' ની બધી શોધ કરી છે; તેઓએ તેના તે પ્રયોગો વારંવાર કર્યા છે, અને આ બાબતને લગતાં પુસ્તકોમાં તમે તે સંબંધી વિશેષ હકીકત જાણી શકશો.

આ ચારે બાજુએ ફેલાએલા અને વારંવાર કરવામાં આવેલા પ્રયોગોનું ચોકખું પરિણામ શું આવ્યું? જે સ્થિતિમાં સામાન્ય વિચાર ક્રિયા અશકય હતી, કારણ કે મગજ સુસ્ત દશામાં હતું, અથવા લોહી મગજને બરાબર પહોંચી શકતું ન હતું, જે સ્થિતિમાં કેવળ વિચારનો અભાવજ પરિણામ રૂપ આવે તે સ્થિતિમાં તદ્દન નહિ

ધારેલું પરીણામ આવી પહોંચ્યું. તે સમયે માનસિક ગુણો કોઇ પણ રીતે ઓછી શક્તિવાળા જણાયા નહી. તેથી ઉલટું માનસિક શક્તિઓ જ્યારે મગજ તંદ્રાવસ્થામાં હતું ત્યારે વધારે તીવ્ર, વધારે સતેજ અને વધારે સૂક્ષ્મ થતી ગઈ. તેઓને આશ્ચર્ય સાથે જણાયું કે તંદ્રાવસ્થામાં મનુષ્યને ભૂતકાળના વર્ષોના બનાવો, તેમજ લાંબા કાળથી ભૂલવામાં આવેલા બાલ્યાવસ્થાના પ્રસંગો પણ સ્મરણમાં આવવા લાગ્યા. કેવળ સ્મરણશક્તિ તીવ્ર થઈ, એટલું જ નહીં પણ તેઓની વિચાર કરવાની, દલીલ કરવાની, અને નિર્ણય કરવાની શક્તિઓ પણ વધારે પ્રબળ થતી જણાઇ. તે શક્તિઓ તેઓ બહુ સ્હેલાઇથી વાપરવા લાગ્યા અને કામ કરવામાં વધારે અસર કરનારી તે શક્તિઓ નીવડી. જે ઉંઘ જેવી સ્થિતિમાં ઇન્દ્રિયો પોતાનાં કામ કરતી બંધ પડી ગઇ હતી, તે સ્થિતિમાં સામાન્ય ઇન્દ્રિયો સિવાયની બીજી ઇન્દ્રિયો મારફતે ઇન્દ્રિયોના કામો કરવામાં આવતાં હતાં. જે આંખ જાગ્રત્ સ્થિતિમાં વીજળીના દીવાનો ઝબકારો સહન કરી શકે નહિ તે આંખ તંદ્રાવસ્થાની દશામાં માપી પણ ન શકાય તેટલે દુર સુધી જોઇ શકે છે, બંધ કરેલા પુસ્તકો વાંચી શકે છે, માંસના કોપ ચીરીને શરીરના અંદરના ભાગને જોઈ શકે છે. અને માંસ અને હાડપિંજરને લીધે જે રોગો છુપા હતા તે રોગો વર્ણવી શકે છે. કાનની બાબતમાં પણ આવીજ સ્થિતિ છે. સામાન્ય કાન નાજુક અને સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરી શકે નહિ. મનુષ્યનો કાન જાગ્રત્ અવસ્થામાં જેટલે દુરથી સાંભળી શકે તેનાથી ઘણે દૂર થતો અવાજ તંદ્રાવસ્થામાં તે સાંભળી શકે છે, અને દુરથી પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે.

આ બધાં પરિણામો જોઇ મનુષ્યો વિચાર કરવાને અટકયા,

અને તેઓ પ્રશ્ન પુછવા લાગ્યા, "જે ચૈતન્ય આંખ વિના જોઇ શકે છે, જે કાન વિના સાંભળી શકે છે, જે વખતે સ્મરણ શક્તિની ઇન્દ્રિય સુસ્તદશામાં હોય છે તે વખતે યાદ કરી શકે છે, અને જ્યારે વિચારનું યંત્ર આળસુ દશામાં હોય છે ત્યારે વિચાર કરી શકે છે, એ ચૈતન્ય તે શું? આ ચૈતન્ય અને તેનાં સાધનો કયાં?"

ફક્ત તંદ્રાવસ્થામાંજ આ વિચિત્ર પરિણામો આવ્યા હતા. પણ એમ સાબીત કરવામાં આવ્યું કે જેમ તંદ્રાવસ્થા વધારે ઉંડી તેમ ઉંચ પ્રકારનું ચૈતન્ય વધારે પ્રગટ થતું હતું. આ બીજું પગથીઉં હતું. જે તંદ્રાવસ્થા બહુ ઉંડી નથી, તેમાં શક્તિઓ થોડી વિશેષ પ્રકટ થતી માલુમ પડે છે. જેમ તંદ્રાવસ્થા વધારે ઉંડી તેમ ચૈતન્ય વધારે તેજથી ચળકવા માંડે છે. ઘણી હકીકતો એકઠી કરી એવું સાબીત કરવામાં આવ્યું કે મનુષ્યને એક ચૈતન્ય ન હતું, પણ તેઓની જુદાં જુદાં કાર્ય કરવાની રીત જોતાં ઘણાં ચૈતન્ય હતાં. તેઓએ એક અજ્ઞાન ખેડુતની સ્ત્રીપર પ્રયોગ કર્યો. તે સ્ત્રી તેની સામાન્ય સ્થિતિમાં સુસ્ત મૂર્ખ, અને આળસુ હતી. તેઓએ તેને તંદ્રાવસ્થામાં મુકી, અને તે અવસ્થામાં વધારે હુંશીઆર દેખાવા લાગી; અને અજાયબ જેવુ તો એ હતું કે જાગ્રત અવસ્થાના પોતાના ચૈતન્યના સંબંધમાં તે તિરસ્કાર દૃષ્ટિથી જોવા લાગી, તેના કાર્યની ટીકા કરવા લાગી, તેની મર્યાદાઓની નિંદા કરવા લાગી અને તે ચૈતન્યના સંબંધમાં બોલતાં સખ્ત શબ્દો બોલી કહેવા લાગી કે "તે પશુ" છે. હજી વધારે ઉંડી તંદ્રાવસ્થામાં—વધારે ઉંડી નિદ્રામાં—તેને નાખવામાં આવી, અને તે ઉંડી તંદ્રાવસ્થામાં વધારે વિશાળ ચૈતન્ય પ્રકટ થયું. તે ચૈતન્ય ગંભીર, મહત્ત્વવાળું, અને વિચારશીલ હતું, તે બાકીના બે ચૈતન્ય તરફ તિરસ્કારથી જોવા લાગ્યું, અને સખ્તાઇથી, ભેદ ભાવથી, અને

મત્સરથી તેમની ટીકા કરવા લાગ્યું. તેમના કાર્યોની ઝાટકણી કાઢવા લાગ્યુ. આ પ્રમાણે તે બેહુન ll સ્ત્રીમા ત્રણ પ્રકારના ચૈતન્ય જોવામા આવ્યાં, અને જે પ્રમાણમા તે સ્ત્રીની વિશેપ ઉંડી તંદ્રા, તે પ્રમાણમા ચૈતન્ય વિશેષ ઉચ્ચરૂપમા પ્રકટ થતું હતું.

વળી આ બાબતમા એક બીજી પણ વિચિત્ર બીના ધ્યાન ખેંચે તેવી હતી. તે બેહુનની સ્ત્રીને તેની જાગ્રત અવસ્થામાં બીજા અને ત્રીજા પ્રકારના ચૈતન્ય સંબંધી બીલકુલ ખબર ન હતી. તેને વાસ્તે તે હયાત ન હતા. બીજું ચૈતન્ય નીચેના ચૈતન્યને જાણતું હતું પણ પોતાની ઉપરના ચૈતન્યને જાણતું ન હતું. ત્રીજું ચૈતન્ય આ બન્ને ચૈતન્ય ઉપર તિરસ્કારથી જોતું હતું. પણ પોતાના કરતા ઉંચા ચૈતન્ય વિશે તેને જરા પણ જ્ઞાન ન હતું. આ ઉપરથી એક નવો વિચાર એ આવ્યો કે જાગ્રત અવસ્થા કરતા વિશેપ શક્તિઓ ચૈતન્ય તંદ્રાવસ્થામાં પ્રકટ કરી શકે. એટલુંજ નહિ, પણ પરિમિત ચૈતન્ય અપરિમિત ચૈતન્ય સંબંધી કાઇપણ જાણી શકે નહિ. ઉચ્ચ ચૈતન્ય નીચેના ચૈતન્યને જાણતું હતું; પણ નીચલું ચૈતન્ય ઉચ્ચ ચૈતન્યને જાણતું ન હતું. નીચલા ચૈતન્યના અજ્ઞાનપરથી એમ સાબીત ઠરતું નથી કે ઉચ્ચ ચૈતન્ય છેજ નહિ. નીચલા ચૈતન્યની મર્યાદાઓ ઉચ્ચસ્થિતિના વિરુદ્ધ દલીલો તરીકે વાપરી શકાય નહિ; કારણકે મર્યાદાઓને લીધે તે ઉચ્ચ ચૈતન્યને સમજી શકે નહિ. પશ્ચિમના વિજ્ઞાનશાસ્ત્ર અને તેની શોધખોળોનાં આ કેટલાંક પરિણામો છે.

હવે આપણે એક બીજી દૃષ્ટિથી આ બાબતનો અભ્યાસ કરીએ. જડવાદી વિચારના મનુષ્યો મગજના બંધારણોનો અભ્યાસ કરીને, જે મગજમાં અસ્વાભાવિક ચૈતન્ય પ્રકટ થયું હતું, તે મગજ કેવી જાતનું હોવું જોઇએ તે વિષે અમુક અનુમાનપર આવ્યા હતા. આમાં

તેઓએ કૃત્રિમ સાધનો વડે આણેલી તંદ્રાવસ્થાનો વિચાર કર્યો ન હતો. ઈટાલીનો વિદ્વાન વિજ્ઞાનશાસ્ત્રી લોમ્બ્રોઝો તેવા વર્ગના વિચારકોનો નેતા ગણી શકાય. તે જણાવે છે કે વિશેષ જ્ઞાનીનું મગજ અસ્વાભાવિક અને રોગી છે 'Genius is allied to madness.' વિશેષ જ્ઞાની અને ગાંડપણને મળતાપણું છે. જ્યાં અસાધારણ શક્તિઓ જોવામાં આવે ત્યાં મગજની રોગમય સ્થિતિ સમજવી. એ રોગનું છેવટનું પરિણામ ગાંડપણ છે.

આવો વિચાર લોમ્બ્રોઝોના સમય પહેલાં પણ જગત્‌માં પ્રચલિત હોવો જોઇએ, કારણ કે આપણે શેક્સ્પીઅરની લીટીથી પરિચિત છીએ કેઃ—

" કુશાગ્ર બુદ્ધિ અને ગાંડપણને મળતાપણું છે."

લોમ્બ્રોઝોના જેવા વિચારકો આ વિચારને હદબ્હાર ખેંચી ગયા ન હોત તો આ ઉપરના કથનથી કાંઇ ખુબ નુકસાન થયું ન હોત, પણ તેઓએ તેને એવી રીતે વાપર્યું કે સઘળા ધાર્મિક અનુભવોની સામે તે તીવ્ર ધારવાળું હથીઆર બન્યું. આ વર્ગના વિચારકો, શરીર વિદ્યાની હકીકતો પરથી પોતાના અનુમાનો દોરીને એમ કહેવા લાગ્યા કે સામાન્ય મગજને જેની અસર પણ ન થાય, તેવાં ઉત્તેજક કારણોથી મગજ અસ્વાભાવિક બને છે. તે વિચાર જેમ ધીમે ધીમે ફેલાતો ગયો, તેમ તેઓએ બીજું પગલું ભર્યું અને કહેવા લાગ્યા કે "સઘળા ધાર્મિક અનુભવોનો આ ખુલાસો છે. દરેક સમયે મનુષ્યોને અદ્દ્ભુત દર્શનો થાય છે. અને દરેક સમયમાં જ્ઞાની ગુરૂઓ અને અતીંદ્રિય વસ્તુઓના દ્રષ્ટાઓ મળી આવે છે. દરેક ધર્મમાં અસ્વાભાવિક બનાવો અદ્દ્ભુત દર્શનોનાં વર્ણનો—તંદુરસ્ત વ્યવસ્થિત અને વિચારશીલ મનને સ્વાભાવિક રીતે અદશ્ય એવી વસ્તુઓના

પુરાવા–મળી આવે છે. જે મનુષ્ય આવા અદ્‌ભૂત દેખાવો જુએ છે, તેનું મગજ રોગી હોય છે; તેના મગજને ભ્રમ થયો હોય છે. તે સંત હોય કે જ્ઞાની હોય છતાં તે રોગી છે. સંતો અને સાધુઓના સર્વ અનુભવો અદૃશ્ય દુનિયામાં બનતાં બનાવો સંબંધના તેમના પુરાવાઓ—આ સર્વ જે મગજ પર હદબહાર બોજો પડયો હોય અને જે રોગી હોય તેવા મગજમાં કાર્ય કરતી અવ્યવસ્થિત બુદ્ધિની કલ્પનાઓ છે. ”

ધર્મિષ્ઠ મનુષ્યો વિજ્ઞાનશાસ્ત્રીઓની આવી શોધથી ચમક્યા, પણ તેનો કેમ જવાબ આપવો તે તેમને સૂઝયું નહી. ધર્મના બધા અનુભવો એ મગજનો ઉન્માદ છે, સંતો ગાંડા કરતાં કાંઇ વિશેષ નથી, તેઓ રોગમય જ્ઞાનતંતુ રચનાના ભોગ થઇ પડેલા છે, વળી તેઓ જ્ઞાનતંતુ સંબંધી અજાણ્યા દુ:ખોથી દુ:ખી હોય છે. ધર્મ ઉપર આવેલાં આ કલંકથી તેઓની અક્કલ બહેર મારી ગઇ, પણ તેઓને, તેનો જવાબ આપતાં આવડયું નહી. આ વિચાર મનુષ્યજાતિની આશાના મૂળનો ઉચ્છેદક જણાયો. અદૃશ્ય દુનિયાની સત્યતાના વિશ્વમાં ફેલાયેલા પુરાવાનો એકજ કારી ઘાથી નાશ કરનાર આ વિચાર જણાયો.

આ તેમના હિમ્મતભર્યા કથનનો એક જવાબ તો સહેલાઇથી આપી શકાય. કેવા સંયોગોમાં તે જવાબ આપી શકાય તે સમજાવવા પૂર્વે હું તે જવાબને બને તેવા વિશાળ સ્વરૂપમાં તમારી સંમુખ રજુ કરીશ.

ધારો કે તેમનું કથન પુરેપુરૂં સાચું હોય, ધારો કે ધર્મ વિજ્ઞાન અને સાહિત્યના મનુષ્યજાતિના અસાધારણ બુદ્ધિવાળા પુરુષો

એકે એકે પુરૂષ—ગાંડા હતા, તેમનાં મગજ રોગી હતા—તેથી શું થયું ?

મનુષ્ય દુનિયાને જે કાંઇ આપે છે, તેની કીંમત કરતી વખતે તેના મગજની સ્થિતિપરથી આપણે વિચાર કરતા નથી, પણ મનુષ્યોનાં હૃદયો, અંતઃકરણો અને કાર્યો ઉપર તેની શી અસર થાય છે, તે ઉપરથી આપણે તેની કીંમત આંકીએ છીએ.

જો દરેક અસાધારણ બુદ્ધિવાળો ગાંડાનો જોડકો ભાઇ હોય. દરેક સંતનું મગજ રોગી હોય, જો પરમાત્માનું, સંતોનું અને દેવોનું દર્શન રોગી મગજ દ્વારા આવતું હોય—" તોપણ શું થયું " ?

તેમણે આપેલા જ્ઞાનની કિંમતથી આપણે તે જ્ઞાનનું મહત્ત્વ આંકીએ છીએ. જ્યારે મનુષ્યનું આખું જીવન કોઈ સંતના સંબંધમાં આવતાં બદલાઇ જાય છે, ત્યારે તે સંતનું મગજ અવ્યવસ્થિત સ્થિતિમાં હતું એમ કહીને આપણે શું આ ફેરફાર સમજાવવાને પ્રયત્ન કરીએ છીએ ? જો એમ હોય તો સામાન્ય મજુરના તંદુરસ્ત મગજ કરતાં તે સંતનો રોગ વધારે ઇષ્ટ છે. સાધારણ બુદ્ધિવાળાનું હદબહાર બોજો પડેલું મગજ રસ્તામાં ચાલનાર સામાન્ય મનુષ્યના સાધારણ મગજ કરતાં મનુષ્ય જાતિને વધારે કીંમતી છે. મારો પ્રશ્ન એ છે આવા અસાધારણ બુદ્ધિશાળી પુરુષોએ આપણને શું આપ્યું ? અને મને જણાય છે કે જે દરેક ઉચ્ચ સત્ય મનુષ્યોને પુરૂષાર્થ કરના પ્રોત્સાહન આપે છે, અને જે ઇશ્વર તરફથી મનુષ્યને મળેલું છે, જે સત્ય આપણને દુઃખમાં દિલાસો આપે છે, જે મરણના ભયથી આપણને મુક્ત કરે છે, જે આપણને આપણા અમરપણાનો ખ્યાલ આપે છે, તે સત્ય આવા ' ગાંડા ' મનુષ્યોની પાસેથી મળેલું છે. તમે તમારી શરીર વિદ્યામાં એને શું નામ આપો છો તેની મને

શી પરવા છે? મનુષ્યજાતિ જે સત્યો વડે જીવે છે, તે સત્ય જેમણે મનુષ્યજાતિને આપ્યાં, તેમની હું તો ઉપાસના કરૂં છું.

હવે મારો બીજો જવાબ આ પ્રમાણે છે. લોમ્બ્રોઝોના વર્ગના વિચારકોના કથનમાં રહેલા સત્યને વાસ્તે શો પુરાવો છે, તે આપણે વિચારીશું. મગજની શારીરિક સ્થિતિના સંબંધમાં મારે કબુલ કરવું જોઇએ કે લોમ્બ્રોઝો કેટલેક અંશે ખરો છે. અને એમ હોવુંજ જોઇએ, એ સ્વાભાવિક છે: અત્યાર સુધીના માનુષી વિકાસના પરિણામરૂપે મનુષ્યનું સ્વાભાવિક મગજ દુનીયાની સામાન્ય બાબતો જેવી કે ખરીદવું અને વેચવું, છેતરવું, બીજાને ફસાવવા, નિર્બળોપર જય મેળવો, અને અશક્તને કચરી નાખવો, આવી બાબતો–સંબંધી વિચાર કરવાને લાયક છે. મનુષ્યના સ્વાભાવિક મગજને જીવનની હાડમારીઓ અને દુનિયાની ધમાલો સાથે કામ કરવાનું છે. જીવનના સામાન્ય પ્રશ્નનો તેને નીકાલ કરવાનો હોય છે. અશુદ્ધ ખોરાકથી જેને પોષણ મળ્યું છે, જે વિકારોનું ગુલામ છે, અને સ્વાર્થ અને ઘાતકીપણાનું દોસ્ત છે, તેવા મગજદ્વારા ઉચ્ચ ચૈતન્યને પ્રકટ થવાની તમે આશા રાખી શકો નહિ. આવા મગજમાં ઉચ્ચ ચૈતન્યના આધ્યાત્મિક આવેગોની કેવી રીતે અસર થઇ શકે? અથવા ઉચ્ચ ભુવનોમાં વધારે સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને તે મગજ કેવી રીતે લાયક બને? હાલનું મગજ એ ભૂતકાળના વિકાસનું પરિણામ છે, અને તે ભુતકાળનું સૂચન કરે છે.

પણ જે મગજ સુક્ષ્મ આંદોલન ગ્રહણ કરી શકે છે. તે મગજ વિષે શું કહો છો? આવાં મગજો એ ભવિષ્યમાં કેવા મગજો થશે, તેના માર્ગદર્શક છે. તે ભૂતકાળના વિકાસને સુચવતા નથી, પણ ભવિષ્યમાં મગજ કેવુ થશે તે સૂચવે છે. જેઓ વિકાસક્રમને

મોખરે છે, અને જેઓનો સૂક્ષ્મ સ્વભાવ ખીલેલો છે, તેઓનાં મગજો, જેમનાં મગજો દુનિયાનાં હલકાં આંદોલનો ગ્રહણ કરવાને ટેવાયેલાં છે, તેવાં બીજાં સામાન્ય મનુષ્યોના મગજ કરતાં બહુ સહેલાઇથી અવ્યવસ્થિત થવાનો સંભવ રહે છે; અને તેઓનાં મગજો સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરી શકે છે, એ બાબતથી જ સિદ્ધ થાય છે કે તેઓ નીચલાં ભુવનોમાં આંદોલનો ગ્રહણ કરવાને અશક્ત બને છે.

આપણે બે તદ્દન ભિન્ન સ્થિતિઓનો વિચાર કરવાનો છે. પ્રથમ ઘણુંજ વિકાસ પામેલું મગજ સાધારણ રીતે લાગણીવાળું હોય છે, અને સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરી શકે તેવી સ્થિતિમાં હોય છે. તેની સમતોલવૃત્તિ બહુ જ નાજુક હોય છે. આવું મગજ આધ્યાત્મિક, કળાવિષયક અથવા સાહિત્યવિષયક અસાધારણ બુદ્ધિશાળીઓનું હોય છે. બીજું સામાન્ય મગજ હોય છે. તે તીવ્ર લાગણીઓના બોજા નીચે દબાયેલું હોય છે, અને તેથી અસ્વાભાવિક રીતે લાગણીવાળું અને ક્ષુબ્ધ બની ગયું હોય છે, અને તેના કેન્દ્રપરથી ચલિત થએલું હોય છે. સામાન્ય ધાર્મિક, ગુપ્તજ્ઞાની અથવા દૃષ્ટાનું મગજ આવું હોય છે.

પ્રથમ પ્રકારનું મગજ સાધારણ રીતે તંદુરસ્ત અને વ્યવસ્થિત હોય છે, પણ સામાન્ય-પશુ જેવા-જીવનની માગણીઓ પુરી પાડવાને તે લાયક હોતું નથી, અને સામાન્ય જીવન વ્યવહાર તરફ તે બેદરકાર હોય છે. સ્થૂલ આંદોલનોથી તે સહેલાઇથી ક્ષુબ્ધ બની જાય છે અને તેથી તે આપણને ચીડીયું અને અધીરૂં લાગે છે. ઓછા વિકાસ પામેલા મનુષ્યના પોતાની મેળે સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત કરનારા મગજ કરતાં બહુજ નાજુક જ્ઞાનતંતુઓવાળા મગજના

સંચાનું સમતોલ સહેલાઇથી ખસી જવાનો સંભવ છે. આગળ જતાં વિકાસક્રમમાં આવાં મગજો સ્થિર અને સ્થિતિસ્થાપકતાવાળાં થશે, પણ હાલમાં તો તેઓનું સમતોલ જલ્દીથી ખસી જાય છે.

બીજા પ્રકારનું મગજ જે સામાન્ય રીતે સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને અયોગ્ય હોય છે તે મગજ તેના સંચાને નુકસાન કરનાર અને તેનં અવ્યવસ્થિત બનાવનાર દબાણથી તૂટી જાય તેવી સ્થિતિમાં લાવી શકાય. પ્રબળ લાગણી, ઉચ્ચજીવન પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા, લાંબા સમયના ઉપવાસ અને પ્રાર્થના, જેથી જ્ઞાનતંતુઓ ઉપર ભારે બોજો પડે તેવું કંઇક–આ સર્વથી મગજ સૂક્ષ્મ ભુવનનાં આંદોલનો ગ્રહણ કરવાને અનુકુળ સ્થિતિમાં આવશે. તે વખતે અદ્દભુત દશ્યો નજરે પડશે અને અલૌકિક બનાવો બનતા જણાશે. સ્થૂલાતીત ચૈતન્યને તેનાં આંદોલનો ગ્રહણ કરી શકે અને તેનો જવાબ આપી શકે તેવું સાધન થોડા સમય સુધી મળે છે. રોગગ્રસ્ત મગજ તે અદ્દભુત દર્શન ઉત્પન્ન કરતું નથી. કારણ કે તે દર્શન તો સ્થૂલાતીત ભુવનને (સૂક્ષ્મ ભુવનને) લગતું હોય છે. પણ તે રોગગ્રસ્ત મગજ એવી સ્થિતિ પુરી પાડે છે કે જે દ્વારા ઉચ્ચ વસ્તુઓનું દર્શન આ સ્થૂલ મગજ પર પોતાની છાપ પાડે છે.

હીસ્ટીરીઆ અને બીજા જ્ઞાનતંતુના રોગોના સંબંધમાં ઘણીવાર આવાં સૂક્ષ્મ વસ્તુઓનાં દર્શનના બનાવો મળી આવે છે.

ખરી વાત છે કે જ્યાં વિકાસક્રમ બરાબર સમજવામાં આવ્યો હોય છે, અને જ્ઞાનપૂર્વક દોરવામાં આવ્યો હોય છે, ત્યાં આવા ઉચ્ચ અનુભવો વાસ્તે રોગ હોવો એ જરૂરીઆત શરત છે, એમ નથી. પણ આ બાબત સ્વાભાવિક છે કે આવાં પુરુષો અને સ્ત્રીઓને આત્મનિરીક્ષણ અને આત્મ પ્રથક્કરણની ટેવ હોતી નથી, અને ચૈત-

ન્યના નિયમો કેવી રીતે કામ કરે છે, તેનું તેમને જ્ઞાન હોતું નથી. વળી તેઓ જીવનની સામાન્ય પરિસ્થિતિમાં ડુબેલા હોય છે. તેઓ તેમના જાતિબંધુઓ કરતાં સ્થૂલભુવન પર ઓછા વિવેકવાળા માલમ પડે છે. તેઓ આ જગતની વસ્તુઓ વાસ્તે બહુ ઓછી દરકારવાળા હોય છે, કારણ કે તેઓ ઉચ્ચ જીવનની વસ્તુઓ વાસ્તે બહુ દરકાર કરતા હોય છે.

ઉપર પ્રમાણે ભય શા માટે છે, તેનાં કારણો આપણે થોડીવાર વિચારીએ. તેનું કારણ સાદું છે. જો વાજીંત્રની દોરી ઢીલી હોય તો તેમાંથી બીલકુલ સુર નીકળે નહિ. તે દોરીને ખેંચો અને તે ખેંચેલી દોરીમાંથી બહુજ પ્રબળ સુર નીકળશે. જ્યારે તે દોરીને ખેંચવામાં આવી હશે, ત્યારે જ તેમાંથી સંગીતમય સુર નીકળશે. પણ તેજ પળે તે દોરી તૂટવાનો ભય ઉભો થાય છે. તેવીજ રીત મગજના સંબંધમાં છે. જ્યાં સુધી તે મગજ સુસ્ત દશામાં હોય છે, ત્યાંસુધી સ્થૂલ ભુવનનાં ધીમાં આંદોલનો તે ગ્રહણ કરી શકે છે. સ્વર્ગીયસંગીતનો કોઇપણ સુર તે મગજ દ્વારા પ્રકટ થઇ શકે નહિ. કારણકે તેના જ્ઞાનતંતુઓ જ્યારે પ્રબળ લાગણીઓથી અથવા તો કોઇ પ્રકારના દબાણથી ખેંચાય છે, ત્યારે સામાન્ય મગજ તે ઉચ્ચ આંદોલનો ઝીલી શકે છે. તેટલા માટે જે દબાણથી જ્ઞાનતંતુઓ ઉસ્કેરાઇ જાય છે, તેથી હીસ્ટીરીયા થઇ જાય છે, તેથી મગજના જ્ઞાનતંતુઓની એવી સ્થિતિ થાય છે કે જે વડે સ્થૂલ ભુવનના કરતાં વધારે ઝડપી અને વધારે સૂક્ષ્મ આંદોલનો તે ઝીલી શકે છે. ઉચ્ચ જીવન અને ઉચ્ચ ચૈતન્ય પ્રકટ થાય તે માટે જ્ઞાનતંતુઓનું ખેંચાણ એ જરૂરની શરત છે. જ્યારે તમે આ બાબત બરાબર રીતે સમજશો, ત્યારે સઘળાં ધાર્મિક અનુભવો પરનો

લોમ્બ્રોઝોની વિચારશાળાનો હલ્લો દમ વિનાનો અને નિઃસત્વ બની જાય છે. રોગ અથવા મગજની અવ્યવસ્થિત સ્થિતિ એ સ્વાભાવિક છે, કારણ કે વિકાસક્રમની સામાન્ય સ્થિતિનાં શરીરો જે ઉચ્ચ આંદોલનો ગ્રહણ કરવાને અયોગ્ય હોય છે, તે શરીરોને સારા પરમાણુઓવાળાં બનાવવાનાં છે, અને તે ઉચ્ચ આંદોલનો ઝીલી શકે, માટે તેમને વધારે ખેંચવા જોઇએ. વિકાસક્રમની આપણી હાલની સ્થિતિમાં આપણે અશુદ્ધ પરિસ્થિતિ, અશુદ્ધ વાતાવરણ, અને દરેક પ્રકારની સંક્ષોભ પમાડનારી અસરોથી ઘેરાયેલા છીએ, તો પછી આપણું નાલાયક મગજ ઉચ્ચ આંદોલનો ગ્રહણ કરવાને પોતાની જાતે ખૂબ પ્રયત્ન કરવા જતાં હલકા આંદોલનોથી અવ્યવસ્થિત થઇ જાય અને પૃથ્વીના વિષમસૂરોથી બેસરૂં બની જાય તો તેમા કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી.

પૂર્વના દેશો તરફ નજર કરો. ત્યાં કેવી રીતે આ ભય સમજવામાં આવ્યો હતો, તેના સામે રક્ષણ કરવામાં આવ્યું હતું, અને તે ભયને દુર કરવામાં આવ્યો હતો, તે જુઓ. પૂર્વના માનસશાસ્ત્ર પ્રમાણે આત્મા પોતાની આસપાસ જુદાં જુદાં શરીરો—જુદી જુદી ઉપાધિઓ એકઠી કરે છે. તે આત્મા પોતાનાં શરીરો રચે છે. તે પોતાનું માનસિક શરીર રચે છે કે વિચાર શક્તિવડે તે બાહ્યદુનિયાના સંબંધમાં આવી શકે. તે પોતાનું વાસના શરીર રચે છે કે પોતાની લાગણીની શક્તિ બાહ્યદુનિયામાં પ્રકટ થઇ શકે. તે સ્થૂલ શરીર રચે છે કે પોતાની ક્રિયાશક્તિવડે તે બાહ્ય દુનિયામાં કામ કરી શકે. પૂર્વના માનશાસ્ત્રમાં આપણે પ્રથમ ચૈતન્યનો વિચાર કરીએ છીએ કે જે ચૈતન્ય તેની જરૂરીઆત પ્રમાણે શરીરો રચે છે.

હવે ઉચ્ચ ચૈતન્યની જરૂરીઆત પ્રમાણે શરીરો કેવી રીતે

રચાશે ? તે શરીરોને તે માટે ધીમે ધીમે શુદ્ધ બનાવવાં, અને ઉચ્ચ ચૈતન્યના સંયમમાં લાવવાં; અને તેટલા માટે ધ્યાનને એક સાધનં તરીકે ગણવામાં આવ્યું છે. પણ જો મનુષ્યની ઇચ્છા ઝડપથી ઉન્નતિ કરવાની હોય તો તેણે જંગલમાં જવું અને થોડા વખત સુધી આ સ્થૂલ દુનિયાથી તદ્દન અલગ રહેવું, એ માર્ગ સહેલો ગણવામાં આવતો. આ પ્રમાણે બાહ્ય દુનિયાના હલકા વાતાવરણથી તે બચી જતો, અને હલકા આંદોલનો તેને અસર ન કરી શકે તેવી સ્થિતિમાં તે પોતાને મુકતો હતો; માટે સખ્ત અને હલકાં આંદોલનોથી તેના મનની સમતોલવૃત્તિ ખોવાનો ઓછો સંભવ હતો. જંગલોમાં અને વનોમાં આવા મનુષ્યો ધ્યાન કરતા હતા. મનની એકાગ્રતાથી હલકી વાસનાઓ ઉપર ધીમે ધીમે કાબુ મેળવીને, અને ઉચ્ચ તત્ત્વોપર તેને સ્થિર કરીને તેઓ પોતાના મગજને સંસ્કારવાળું અને ઉચ્ચ આંદોલનો ઝીલી શકે તેવું બનાવતા હતા. ચૈતન્ય ઉચ્ચ ભૂમિકામાંથી આ સ્થૂલ મગજપર એકાગ્ર ધ્યાનવડે અસર કરતું હતું, અને તે મગજને વધારે તીવ્ર અને ઉચ્ચ આંદોલનો નિર્ભય રીતે ઝીલી શકે તેવા સૂરવાળું બનાવતું હતું, અને તે નીચલા ચૈતન્યને એટલે સુધી ઉંચે ખેંચતું કે બાહ્યદુનિયાના સંક્ષોભ પમાડે તેવા આંદોલનોની તેને બીલકુલ અસર થાય નહી. ‘ હિપ્નોટીઝમ ’ વડે કૃત્રિમ સાધનોથી બાહ્ય આંદોલનો તરફ તેના મગજનાં દ્વાર જેવી રીતે બંધ થઇ જતાં હતાં, તેવીજ સ્થિતિ ઇંદ્રિયોના ચૈતન્યને અંતર્મુખ કરવાથી યોગવડે થઇ શકે છે.

ઇંદ્રિયોનાં દ્વાર બંધ કર્યાં પછી બીજું પગથિયું મનની શક્તિઓને શાંત કરવાનું– મનને સ્થિર બનાવવાનું છે કે જેથી તેમાં અનેક પ્રકારના આંદોલનો પ્રકટે નહી, તે નિષ્ક્રિય થાય, અને ઉંચેથી

આવતાં આંદોલનો જ ઝીલી શકે. જ્યારે મન આ પ્રમાણે શાંત અને સ્થિર થતું, જ્યારે તેની સ્થિરતામાં શાંત સરોવરની માફક કોઇ પણ પ્રકારની વાસનાથી ક્ષોભ થતો ન હતો, ત્યારે તે મનની શાંત સ્થિતિમાં આત્માનું પ્રતિબિંબ પડતું હતું. મનની શાંતિમાં અને ઇન્દ્રિયોની નિશ્ચળ સ્થિતિમાં તે મનુષ્ય આત્માની ભવ્યતા અને મહત્તા જોઇ શકતો. પૂર્વના દેશનો આ માર્ગ છે.

આ દૃષ્ટિબિન્દુથી આપણે સમજવાનું છે કે મગજની સ્થિતિમાં ફેરફાર કરવાનો છે, તેને સુધારવાનું છે, તેને શુદ્ધ પરમાણુવાળું બનાવવાનું છે, અને ઉચ્ચ ચૈતન્યના પ્રકટીકરણ માટે સાંકળની વચલી કડીયો બનાવવાની અને રચવાની છે. આ આત્મસંયમ અથવા યોગના માર્ગે અનુસરતાં મગજના વિકાસવાસ્તે શી શરતોની જરૂર છે? પ્રથમ શરીરની શુદ્ધિ. બીજું પગથિયું શરીરને સૂક્ષ્મ આંદોલન ગ્રહણ કરી શકે તેવું બનાવવું અને મગજની રચનામાં વિવિધતા વધવી જોઇએ. આ જરૂરનાં પગથીયાં છે. જ્યાં સુધી વિકારોની માગણીથી તમારા મગજની સમતોલવૃત્તિ તમે ખોઈ બેસો છો, જ્યાં સુધી શરીર અસંયત છે, ત્યાં સુધી તમારા મન ઉપર આત્માનું પ્રતિબિંબ પડે એમ માનવાની ભૂલ કરતા ના. તમારે શરીર ઉપર રાજ્ય કરતાં, તેને સંયમમાં રાખતાં શીખવું જોઇએ. તેને તમારે યોગ્ય નિદ્રા, યોગ્ય કસરત, યોગ્ય ખોરાક આપવો જોઇએ. તેને તંદુરસ્તીમાં રાખવાને તેની તંગીઓ પુરી પાડવી જોઇએ. પણ તેને તમારે ચૈતન્યના આજ્ઞાંકિત સેવકરૂપ ગણવું જોઇએ, પણ કદાપિ તમારૂં શેઠ બનાવવું નહી.

આ સંબંધમાં શ્રીકૃષ્ણ કહે છે તે સાંભળોઃ—

હે અર્જુન! અતિ ખાનારાથી, તેમજ કેવળ નહી ખાનારાથી

અને અતિ ઉંઘનારાથી, તેમ અતિ ઉજાગરો કરનારથી યોગ સધાતો નથી."

બન્ને બાજુએ એકાંતિક માર્ગ ગ્રહણ કરવો નહી. આ શરીર જે ચૈતન્યનું સાધન થવાનું તેને અજ્ઞાન કષ્ટથી મારી નાખવાનું નથી, તેમજ તે શરીર પોતાને આત્માનો સ્વામી ગણે એમ તે શરીરને વશ થવાનું નથી. જ્યાં આવા પ્રકારની આત્મસંયમની રીત અનુસરવામાં આવે છે, ત્યાં મગજ સમતોલવૃત્તિ ખોયા સિવાય સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને શક્તિમાન બને છે અને મગજને નાજુક અને સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને ઉચિત બનાવતાં તંદુરસ્તીનો ભોગ આપવામાં આવતો નથી. યોગી ઉચ્ચ આંદોલનો ઝીલનાર હોય છે, પણ તે છતાં તે પૂરો ડાહ્યો હોય છે.

શરીરને કાબુમાં લાવીને અને પવિત્ર બનાવીને આપણે તેને ઉચ્ચ આંદોલનો ઝીલવાને યોગ્ય, તેમજ સૂક્ષ્મ સૂરો સાંભળવાને લાયક બનાવી શકીએ.

પણ આમ થવાને હલકાં આંદોલનોમાંથી આપણો રસ જતો રહેવો જોઇએ, અને બાહ્ય દુનિયાના આકર્ષણ તરફ ઉદાસીન વૃત્તિ રાખતાં શીખવું જોઇએ. આમાં વૈરાગ્યની ખાસ જરૂર છે, કારણ કે નીચલા ભુવનોમાં ઉચ્ચ ચૈતન્ય પ્રકટ થાય તે માટે વૈરાગ્ય એ જરૂરનું સાધન છે. જ્યાં સુધી દુનિયાની હલકી વસ્તુઓ ઉપર તમારો રાગ છે, ત્યાં સુધી ઉચ્ચ ચૈતન્ય આ ઉપાધિને એક સાધન તરીકે વાપરી શકે નહી. જો આ સ્થૂલ ભુવનમાં સ્પષ્ટ સમતોલ અને ઉચ્ચ ચૈતન્ય પ્રકટ કરવું હોય તો એકજ માર્ગ છે કે પરમાત્મા તરફ પૂર્ણ ભક્તિ હોવી જોઇએ અને લાગણીઓ તેમજ મનને સ્પષ્ટ રીતે સમતોલ વૃત્તિથી અને બુદ્ધિપૂર્વક ખીલવવાં જોઇએ. આપણું જીવન પવિત્ર, દયાળુ અને દિલસોજીવાળું હોવું જોઇએ; કદ્રુપ તેમજ રૂપ-

વાન, અધમ તેમજ ઉચ્ચ, વનસ્પતિ તેમજ દેવ એ સર્વમાં આપણે આત્માને જોતાં શીખવું જોઇએ. જે સર્વમાં આત્માને જુએ છે, અને આત્મામાં સર્વને જુએ છે, તે ખરેખર બરાબર રીતે જુએ છે.

(૨) કર્તવ્યનો નિયમ.

ગઈકાલના ભાષણમાં આપણે અમુક નિશ્ચયો પર આવ્યા હતા. આપણે નિયમના સ્વરૂપનો વિચાર કર્યો, અને મનુષ્યના મગજના જાગ્રત્ ભાન કરતાં વિશાળ ભાન આપણા દરેકમાં રહેલું છે. વળી તે સાથે આપણે એ પણ જોયું કે જો ઉચ્ચભાન પ્રકટ કરવું હોય તો એ જરૂરનું છે કે ઇન્દ્રિયો સર્વથા કાબુમાં હોવી જોઇએ, અને મન પૂર્ણ સંયમમાં હોવું જોઇએ. ગઇ કાલે ઉચ્ચ જીવનના સંબંધમાં આપણે આટલે સુધી આવી પહોંચ્યા હતા.

આજે હવે આપણે અભ્યાસના બીજે પગથિયે દાખલ થઇએ છીએ. અને ઉચ્ચભાન તેની સઘળી શક્તિઓ સાથે પ્રકટ થાય, તે વાસ્તે મનુષ્યે કેવા પ્રકારનું જીવન ગાળવું તેનો આજે વિચાર કરવાનો છે. આપણે શરૂઆતનાં પગથિયાં જાણવાં જોઇએ અને આપણે જે સ્થિતિમાં હાલ છીએ, તે સ્થિતિમાંથી ધીમે ધીમે આપણામાં વિકાસ પામતા ભાનની ખીલવણી વાસ્તે શું કરવું તે આપણે સમજવું જોઇએ, અને આ વિષય આપણે બરાબર સમજીએ તે વાસ્તે આપણે જે એક બે શબ્દનો વારંવાર ઉપયોગ કરવો પડશે, તેની વ્યાખ્યા આપીશું.

ઉચ્ચ જીવન એટલે શું ?

સ્થૂલ કરતાં ઉપરની ભૂમિકામાં ચૈતન્યનું પ્રકટ થવું એવા

વિશાળ અર્થમાં આ શબ્દો વાપરવામાં આવ્યા છે. મનુષ્યોની ચર્મ-ચક્ષુથી ન જણાય તેવાં વાસનાભુવન, માનસિકભુવન, બુદ્ધિભુવન અને આત્મિકભુવન, અને તે પર રહેલાં ભુવનોમાં જીવનનું પ્રકટ થવું તે ઉચ્ચ જીવન.

આધ્યાત્મિક એટલે શું? ઉપર જણાવ્યા પ્રમાણે ઉપરના બધા ભુવનોમાં જીવનનું જે પ્રકટ થવું તે આધ્યાત્મિક કહી શકાય નહિ. આપણે ભાન અને જે આકારમાં તે ભાન પ્રકટ થયેલું છે, તે બે વચ્ચેનો વિવેક મનથી કરવો જોઇએ. જે આકારથી મર્યાદિત છે, તે કદાપિ આધ્યાત્મિક હોઇ શકે નહિ. દરેક ભુવન ઉપર આકારનું જીવન આત્માને લગતું નહિ પણ પ્રકૃતિને લગતું છે. આકારનું જીવન વાસનાભુવન પર પ્રકટ થાય કે માનસિક ભુવનપર પ્રકટ થાય, છતાં સ્થૂલ ભુવન ઉપરના પ્રકટ થયેલા આકારના જીવન કરતાં કોઇ રીતે વધારે આધ્યાત્મિક ગણી શકાય નહિ.

દરેક સ્થળે પ્રકૃતિનાં રૂપો તે આકારથી મર્યાદિત હોય છે, અને જે આકારથી મર્યાદિત છે, તે આધ્યાત્મિક કહી શકાય નહિ. આ વસ્તુ ખુબ સ્મરણમાં રાખવા જેવી છે. નહિતો આપણે આપણા અભ્યાસમાં મોટી ભૂલો કરીશું, અને આધ્યાત્મિક જીવન ખીલવવાનાં સાધનોની પસંદગી યોગ્ય રીતે કરી શકીશું નહિ. શરીરવાળું જીવન નીચલી ભૂમિકાપર કે ઉપલી ભૂમિકાપર—પત્થર તરીકે, વનસ્પતિ તરીકે, પશુ તરીકે, મનુષ્ય તરીકે, કે દેવ તરીકે જીવવામાં આવે તે બીન મહત્ત્વનું છે. જ્યાં સુધી તે જીવન સ્વભાવે પ્રાકૃતિક છે, ત્યાં સુધી તે આધ્યાત્મિકતાના નામને પાત્ર નથી. કોઇ મનુષ્ય અતીંદ્રિય શક્તિ-ઓ—સિદ્ધિઓ મેળવે, દૂર દેખી શકે તેવી વિશ્વદૃષ્ટિ ખીલવે, અથવા દેવોનું ગીત તથા સ્વર્ગનાં મધુર નાદ સાંભળે છતાં તે સર્વ માયાવી છે,

અને ક્ષણિક છે. જે આધ્યાત્મિક અને શાશ્વત છે તે આકારના જીવનને લગતું નથી.

આ બાબતનો વિચાર કરતાં પ્રથમ આપણે ઉચ્ચ અને આધ્યાત્મિક જીવન એટલે શું તે વિચારીએ. જે ચૈતન્ય સર્વત્ર ઐક્ય અનુભવે છે, દરેકમાં એક આત્માને જુએ છે, અને આત્મામાં દરેક વસ્તુને જુએ છે, તેજ ચૈતન્યનું જીવન આધ્યાત્મિક જીવન ગણી શકાય. જે જીવન હજારો બનાવોની અંદર થઈને, માયાની જાળ ભેદીને દરેક બદલાતા આકારમાં પણ એ શાશ્વત તત્ત્વને જુએ છે તેજ આધ્યાત્મિક જીવન છે. આત્માને જાણવો, આત્માપર પ્રીતિ રાખવી, આત્માનો અનુભવ કરવો એજ ખરી આધ્યાત્મિક વિદ્યા છે.

આ સિવાયનું સર્વ અજ્ઞાન છે. જો એકવાર આ વ્યાખ્યા બરાબર રીતે આપણા સમજવામાં આવે તો આપણે માયાવી આકારોને નહિ પણ તે આકારોની પાછળ રહેલા તત્ત્વને શોધતાં શિખીશું; અને આત્મિક જીવન ગાળવાને જે જે મદદગાર થાય તેવાં ચોક્કસ સાધનોનો આશ્રય અવશ્ય લઈશું કે જેને લીધે સર્વવ્યાપક ચૈતન્યની સાથે આપણા ચૈતન્યના ઐક્યનો આપણને સાક્ષાત્કાર થશે, અને તે વખતે દરેક આકાર આકારને ખાતર નહી પણ તે આકારની અંદર રહેલા આત્માને ખાતર પ્રિય લાગશે.

"દરેક વસ્તુ આપણને શાથી પ્રિય લાગે છે ?" આવો પ્રશ્ન જ્યારે મૈત્રેયીએ યાજ્ઞવલ્ક્યને પુછ્યો હતો, ત્યારે તે ઋષિએ જે જવાબ આપ્યો હતો તે આપણે વિચારીએ. તેમણે કહ્યું હતું કેઃ—

"પતિ પતિને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર પતિ પ્રિય છે. પત્ની પત્નીને ખાતર પ્રિય નથી પણ આત્માને ખાતર પત્ની પ્રિય છે. આ પ્રમાણે દરેક ચીજ, બાળક, પ્રિયજન, મિત્ર અને

સ્થુળભુવનની પેલી પારની જીંદગી વગેરે સર્વ બાબતો આત્માને લીધે જ પ્રિય છે. દેવો પણ દેવોને ખાતર પ્રિય નથી, પણ આત્માને ખાતર દેવો પ્રિય છે." આવું જ્ઞાન તેજ આત્મજ્ઞાન, આવા જ્ઞાન-પૂર્વકનું જીવન તેજ ઉચ્ચ જીવન.

હવે તે ઉચ્ચ જીવનનો અનુભવ કરવાને કયાં સાધનોનો આશ્રય આપણે લેવો જોઇએ ? ઉચ્ચ જીવન ગાળવાને સૌથી અગત્યનું અને સૌથી પ્રથમનું સાધન કર્તવ્યનો નિયમ (Law of Duty) છે. અંતઃકરણના આદેશ પ્રમાણે આપણને જે આપણું કર્તવ્ય લાગે–કરવા યોગ્ય કામ લાગે તે કરવાથી અને સત્યમાં અડગ રહેવાથી આપણી આંતર પ્રતિભા (Intuition) ખીલવા માંડે છે, અને ઉચ્ચ જીવનનો અનુભવ કરવાને આપણે આગળ વધતા જઇએ છીએ.

કેટલીકવાર એમ કહેવામાં આવે છે (અને તે વાત ખરી પણ છે,) કે જેને અંગ્રેજીમાં (Conscience) 'કોન્સ્યન્સ' (અંતઃ-કરણ–ઇશ્વરનો–અંતરનો અવાજ) કહે છે એ શબ્દનો યથાર્થ ભાવ-સૂચક સંસ્કૃતમાં એક પણ શબ્દ નથી. સંસ્કૃતના વિદ્વાનોના અનુ-ભવ પ્રમાણે 'કોન્સ્યન્સ' એ શબ્દનો બરાબર અર્થ દર્શાવતો શબ્દ નથી એમ આપણે કબુલ રાખીએ, પણ આપણે શબ્દોને શોધતા નથી પણ વસ્તુઓને શોધીએ છીએ. વળી આપણે એ જોવાનું છે કે પૂર્વના ધાર્મિક પુસ્તક કે સાહિત્ય કરતાં બીજા કયા દેશના પુસ્ત-કોમાં કે સાહિત્યમાં અંતઃકરણના આદેશનો યથાર્થ ચિતાર જડી આવશે? કારણ કે અંતઃકરણ જે ઇશ્વરી અવાજ (Inner Voice of God) છે તેના આદેશને માન આપવું અને કર્તવ્ય તરફ માનભરી લાગણી રાખવી આ બે ભાવ પ્રાચીન હિંદુસ્થાનના મનુ-ષ્યોમાં તેમજ પ્રાચીન સંસ્કૃત પુસ્તકોમાં આપેલા ઉપદેશ વાક્યોમાં

પણ જ્વલંત મૂર્તિરૂપે પ્રકાશી રહેલા છે. એક બે દૃષ્ટાંત ઉપરના વિચારને પુરી રીતે સમર્થન કરી શકશે.

ધર્મિષ્ઠ રાજા યુધિષ્ઠિરનું ચરિત્ર વિચારો. તે યુધિષ્ઠિર રાજા શ્રીકૃષ્ણે જાતે મુકેલી કસોટી વખતે એકવાર સત્યથી ચલિત થયા, પણ તે બનાવથી સ્વાશ્રયનો પાઠ શિખ્યા, એ વાતને તેમની જીંદગીનો છેલ્લો ભાગ પુરવાર કરે છે. જે પ્રસંગે ઇંદ્રરાજા નીચે આવે છે અને વિમાનમાં બેસી તેમને પોતાની સાથે સ્વર્ગમાં આવવા જણાવે છે તે પ્રસંગનું સ્મરણ કરો. જે નિમકહલાલ કુતરો મ્હોટા જંગલમાંની ભયંકર મુસાફરીમાં પણ જીવતો રહ્યો હતો તે કુતરાને આંગળીથી બતાવીને યુધિષ્ઠિરે કહ્યું. "આ કુતરાને વાસ્તે મારૂં હૃદય દિલસોજીથી બહુ ઉભરાય છે" ઇંદ્રે જવાબ આપ્યો "સ્વર્ગમાં કુતરાને વાસ્તે સ્થાન નથી." ત્યારે યુધિષ્ઠિરે સ્વર્ગમાં આવવાની ના પાડી. ઇંદ્રે જરા કડક મિજાજ કરી કહ્યું "તમે તમારા ભાઇઓને જંગલમાં મરવા દીધા, તમે દ્રૌપદીને પણ મરવા દીધી અને તેનું મડદું તમને આગળ વધવામાં અડચણરૂપ થયું નહિ. ભાઇઓ અને સ્ત્રીને છોડીને આગળ વધનારા તમે કુતરાને વળગી રહેવાને શું દેખાવ કરો છો?"

યુધિષ્ઠિર જે સ્વાશ્રયનો પાઠ શીખ્યા હતા, તેમણે આ વખતે કહ્યું:—"**મરણ પામેલા વાસ્તે** આપણે કાંઇ કરી શકીએ નહિ. હું મારા ભાઇઓ કે મારી સ્ત્રી વાસ્તે કાંઇ કરી શક્યો નહિ, કારણ કે તે મરણ પામ્યાં, પણ આતો જીવતું પ્રાણી છે; તે મરેલું નથી. બ્રાહ્મણ મારવામાં જેટલું પાપ છે, બ્રાહ્મણના ધનમાલને નુકસાન કરવામાં જેટલું પાપ છે, તેટલું જ પાપ આશ્રય શોધનાર એક નિરાધારનો ત્યાગ કરવામાં છે. હું એકલો સ્વર્ગમાં જવા માગતો નથી."

અને જ્યારે ઇંદ્રની દલીલોથી, અને દેવની યુક્તિઓથી યુધિષ્ઠિર ડગ્યા નહી ત્યારે તે કુતરો અદશ્ય થયો અને ધર્મની મૂર્તિ તેની જગાએ ખડી થઇ, અને સ્વર્ગમાં આવવાને તેમને આજ્ઞા કરી. **ઇન્દ્રની આજ્ઞા કરતાં પણ તે રાજાનું અંતઃકરણ વધારે મજબુત હતું, અમરપણાના લોભથી તે રાજા ધર્મથી પતિત થયો નહિ.** તેમજ તેના અંતઃકરણે બતાવેલા ધર્મના માર્ગની બાબતમાં તે દેવની મધુર વાણીથી પણ અંધ બન્યો નહી.

મારી સાથે ભૂતકાળમાં પાછળ ચાલો અને એક બીજું પણ આવું જ ચિત્ર તમારી દૃષ્ટિ સંમુખ જુઓ. દૈત્યોનો રાજા બલિ પરમાત્માને યજ્ઞ અર્પણ કરતો હતો તે પ્રસંગનું ચિત્ર જુઓ. તે વખતે બેડોલ આકૃતિવાળો વામન આવે છે અને તે બલિરાજા પાસે વરદાન માગે છે કે "રાજન્! યજ્ઞની દક્ષિણા તરીકે ત્રણ પગલાં ભરાય તેટલી પૃથ્વી આપો." તે વામનના ત્રણ ટુંકા પગલાં મપાય તેટલી પૃથ્વી આપવી એ ખરેખર નજીવી બાબત હતી. તેની માગણી કબુલ કરવામાં આવે છે, અને જુઓ! પહેલું જ પગલું આખી પૃથ્વીને ઢાંકી દે છે, બીજું પગલું આકાશને ભરી દે છે, હવે ત્રીજું પગલું કયાં મુકવું? પૃથ્વી અને આકાશ તો ઢંકાઇ ગયાં. હવે બાકી શું રહ્યું? તે ભક્ત અને સત્યપ્રિય રાજા પોતાના મસ્તકપર ત્રીજું પગલું મુકવામાં આવે તે માટે જમીનપર મસ્તક ધરે છે, અને ચારે બાજુએથી ઠપકાના શબ્દો સંભળાય છે. "કપટ! કપટ!!" "હરિજ તારા નાશને વાસ્તે તને લલચાવે છે; તારા વચનનો ભંગ કર. અને તારો પોતાનો નાશ થાય એવી રીતે સત્યને અનુસરતો નહિ." જો કે આવા શબ્દો તેના કાને પડે છે છતાં, તે જીંદગીના કે રાજ્યના નુકશાન કરતાં સત્ય,

કર્ત્તવ્ય અને અંતઃકરણને વધારે મહત્ત્વનાં ગણે છે અને જરાપણ ડગ્યા વિના જમીનપર પડી રહે છે. એવામાં તેના ગુરૂ જે ગુરૂ કરતાં કોઇ વધારે પૂજ્ય હોઇ શકે નહિ તે આવે છે, અને તેના વચનનો ભંગ કરવા આજ્ઞા કરે છે. પણ જ્યારે તે ગુરૂના શબ્દોને પણ કાને ધરતો નથી ત્યારે ગુરૂ તેને આજ્ઞા નહિ માનવા ખાતર શાપ આપે છે. પણ પછી–જેણે પૃથ્વી અને આકાશ ભરી દીધાં હતાં તે વિષ્ણુ ત્યાં પ્રકટ થાય છે, અને કોયલ જેવા મધુર કંઠથી તે શાંતિમાં આ પ્રમાણે અવાજ સંભળાય છે. "સઘળી બાજુએથી હારેલો અને હેરાન થયેલો, મિત્રોએ નિંદેલો, ગુરૂએ શાપ આપેલો, એવો આ બલિરાજા સત્યને તજી દેશે નહિ." પછી વિષ્ણુ જણાવે છે કે "આ બલિ ભવિષ્યના કલ્પમાં ઇન્દ્ર થશે, દેવોનો રાજા થશે, કારણ કે જ્યાં સત્યની ઉપાસના છે, ત્યાંજ સત્તા શોંપી શકાય, તેજ સત્તા જીરવી શકે."

આવા દાખલાઓ અને આના જેવા બીજા અનેક દાખલાઓ આપણી સંમુખ છતાં "કોન્સ્યન્સ" જેવો એકાદ શબ્દ ન મળે તો તેથી શું થયું? કર્ત્તવ્યની એક નિષ્ઠા અને કર્તવ્યના નિયમનું જ્ઞાન આ વિચાર પ્રાચીન મહાપુરૂષોનાં ચરિત્રો વાંચતાં આપણી આંખ આગળ તરી આવે છે. તેજ ધર્મ છે.

ત્યારે હવે કર્તવ્યના નિયમની વ્યાખ્યા શી છે? જો કે તેનું સ્વરૂપ મૂળતત્ત્વે એક છે, છતાં ઉન્નતિક્રમનાં જૂદાં જૂદાં પગથિયાં અનુસાર તે બદલાય છે, કર્તવ્યનો નિયમ બધાને સારૂ એક સરખો હોઇ શકે નહિ. જેમ ઉન્નતિક્રમમાં મનુષ્યો આગળ વધે છે, તેમ નિયમ પણ જૂદું અને ઉચ્ચ પ્રકારનું સ્વરૂપ ગ્રહણ કરતો જાય છે. જે જંગલીનો ધર્મ છે, તે સુધરેલા અથવા કેળવાયેલાનો ધર્મ હોઈ

શકે નહિ. જે ગુરૂનો ધર્મ છે તે રાજાનો ધર્મ હોઇ શકે નહિ. જે વેપારીનો ધર્મ છે તે લડવૈયાનો ધર્મ હોઇ શકે નહિ. માટે જ્યારે આપણે ધર્મ, કર્તવ્યના નિયમ સંબંધી અભ્યાસ કરતા હોઇએ ત્યારે ઉન્નતિક્રમની નિસરણીના કયા પગથિયે આપણે ઉભેલા છીએ, આપણી આસપાસ–આપણા કર્મને લઇને કેવા સંજોગો મળેલા છે, આપણી પ્રકટ અને ગુપ્ત શક્તિઓ કેટલી છે અને આપણી ખામીઓ શી છે, તેનો અભ્યાસ કરીને આપણે આગળ વધવું જોઇએ. આ રીતે બારીક અભ્યાસ કરવાથી આપણે કર્તવ્યનો નિયમ શોધી કહાડીશું કે જે વડે આપણે આપણાં પગલાં આગળ દોરવી શકીએ. જેઓ ઉન્નતિક્રમના એકજ પગથિયાપર ઉભા હોય, જેઓ એકજ પ્રકારના સંજોગોમાં હોય તેમને વાસ્તે એકજ ધર્મ છે. અને સઘળાઓને માટે કેટલોક સામાન્ય ધર્મ છે, સઘળાને વાસ્તે કર્તવ્યો કરવાનાં કહેલા છે. જેઓ ઉન્નતિના પ્રવાહ સાથે કામ કરે છે તેમને વાસ્તે મનુમહારાજે જણાવેલી દશ આજ્ઞાઓ ઘણી ઉપયોગી છે. એવી દશ આજ્ઞાઓ ખ્રીસ્તિ ધર્મમાં પણ છે, જેને "Ten Commandments of God" "ઇશ્વરની દશ મહા આજ્ઞાઓ" કહેવામાં આવે છે. બૌદ્ધધર્મમાં તેને દશ શીલ કહે છે અને જૈનધર્મમાં દશવિધ યતિ ધર્મ કહે છે. મનુષ્યોએ એક બીજાના સંબંધમાં કેમ વર્તવું તે આ દશ પ્રકારની આજ્ઞાઓથી જાણવામાં આવે છે.

પણ કર્તવ્યના સંબંધમાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે જેનું સ્વરૂપ વિચારવું એટલું બધું સરલ નથી. જેઓ ઉચ્ચ, જીવન ગાળવાને પ્રયત્ન કરતા હોય તેમને વાસ્તે મોટી અડચણ, તેઓનો અમુક વખતે શો ધર્મ છે, શું કર્ત્તવ્ય છે તે સમજવામાં રહેલી છે.

આપણા અનુભવમાં એવા ઘણા બનાવો દરરોજ બને છે કે, જેમાં કર્તવ્યની મારામારી ઉદ્‌ભવે છે. એક કર્તવ્ય આપણને એક માર્ગ બતાવે છે, ત્યારે બીજું કર્તવ્ય બીજોજ માર્ગ દર્શાવે છે. તે વખતે અર્જુનની કુરૂક્ષેત્રપર જેવી સ્થિતિ થઇ હતી તેવી આપણી પણ આપણી ઉન્નતિના પ્રમાણમાં થાય છે.

જે કર્તવ્ય સાદું છે તે તો અડચણ વેઠીને પણ આપણે બજાવીએ, પણ જ્યાં કર્તવ્યનો માર્ગ ગુંચવણ ભરેલો લાગે છે, જ્યાં આગળ કયું પગલું ભરવું એ બાબતના સંબંધમાં આપણને સુઝ પડતી નથી, ત્યાં અંધારામાં અચોકસ માર્ગપર કેમ ચાલવું એ પ્રશ્ન ઉચ્ચજીવનના અભ્યાસીઓને ઘણો અગત્યનો છે, અને તે પ્રશ્ન આ વ્યાખ્યાનમાં ચર્ચવામાં આવશે.

મન, શરીર, અને વાસના, જેનો 'હું' બને છે, તે ઘણીવાર આપણને અવળે માર્ગે દોરી જાય છે, અને તેથી ઘણીવાર કર્તવ્યનો માર્ગ ભુલી આપણે ઇચ્છાના માર્ગે ચાલીએ છીએ. હુંપણા અને કર્તવ્ય વચ્ચેની મારામારી ઘણીવાર અસહ્ય થાય છે, અને એમાંથી કોનો અવાજ આપણને દોરવે છે તે જાણવું તે પણ કેટલીકવાર મુશ્કેલ હોય છે.

આવે સમયે હૃદયરૂપી મંદિરમાં શાંતિથી પ્રવેશ કરવો તેના કરતાં વધારે સહીસલામતી ભર્યો માર્ગ બીજો એક પણ નથી. તે હૃદય મંદિરમાંથી આપણે આપણી અંગત (Personal) ઇચ્છાઓને દુર કરવી જોઇએ. હું તે મન, લાગણી કે શરીર નહિ પણ પરમાત્મા સ્વરૂપી છું, અને એ સર્વનો નિયંતા છું, એવું ભાન રાખી દરેક સવાલને વધારે વિશાલ અને વધારે નિર્મળ સ્વરૂપમાં વિચારવો જોઇએ; તેમજ આપણે આપણા ઇષ્ટ ગુરૂદેવને પ્રાર્થના કરવી

જોઇએ કે તે આપણુને સીધે માર્ગે દોરવે. પ્રાર્થનાથી, આત્મનિરીક્ષણુથી અને મનનથી જે પ્રકાશ મળે તે પ્રકાશ વડે આપણુને જે કર્તવ્યનો માર્ગ લાગે તે માર્ગ અંગીકાર કરવો જોઇએ. ચોખી રીતે જોવાનો પ્રયત્ન કર્યા પછી, અંતઃકરણુની પ્રેરણા પ્રમાણે કર્તવ્ય સમજવાને શ્રમ લીધા પછી પણુ જો કદાપિ ભુલ થાય તો આપણે માનવું કે આપણી ઉન્નતિને માટે જે પાઠ શિખવો જરૂરનો હતો, તે શિખવાને તે ભુલ ઘણી જરૂરની હતી. કદાચ ધર્મનો-કર્તવ્યનો માર્ગ ગ્રહણુ કરવા જતાં ઇચ્છાથી પણુ દોરવાયા હોઇએ, અને આપણે કર્તવ્યના માર્ગે ચાલીએ છીએ, એમ ધારતા હોઇએ, ત્યારે પણુ પાછળ અંગત ઇચ્છા-અહંકાર આપણુને દોરવતો હોય તો ભુલ થવાનો સંભવ છે, પણુ સત્ય જોવાનો અને સત્ય પ્રમાણે કર્તવ્યનો માર્ગ અંગીકાર કરવાનો આપણે પ્રયત્ન કર્યો છે, તો તે ભુલ અવશ્ય સુધરશે; અંતઃકરણુના આદેશ પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરવા છતાં પણુ ભુલ થાય તો નિરાશ શા સારૂ થવું જોઇએ? સત્ય પ્રમાણે ચાલવા જતાં અજ્ઞાનતાને લીધે કદાપિ ભુલ થઇ તો તે ભુલને લીધે જે દુઃખ આવે તે સહન કરવું જોઇએ, કારણુ કે દુઃખ આપણી જ્ઞાનચક્ષુ પર આવેલું પડલ દુર કરે છે. કારણુ કે "Miseries are blessings of God in disguise" દુઃખો એ ઇશ્વરના છુપા આશીર્વાદો છે.

પણુ જો આપણે કાયર થઇ, અમુક બાબતના નિશ્ચયપર આતવાની જોખમદારીથી ડરીને, અંતઃકરણુના અવાજ તરફ અખાડા કરીને, બીજો કોઇ આપણુને જે સરળ માર્ગ બતાવતો હોય, અને જે આપણુને ખોટો લાગતો હોય તે માર્ગે જો આપણું અંતઃકરણુ વિરૂદ્ધ વર્તીએ તો તેનું શું પરિણામ આવે છે?

આમ કરવાથી અંતઃકરણનો અવાજ મંદ પડી જાય છે, અને આપણે ઉચ્ચ નહિ પણ હલકો માર્ગ ગ્રહણ કર્યો છે. અને બીજાએ બતાવેલો માર્ગ એ માર્ગમાં વધારે સારો હોય, છતાં જો આપણું અંતઃકરણ ના પાડતું હોય તો જે આપણને ખરૂં લાગતું હતું તે પ્રમાણે નહિ વર્તવામાં આપણેજ આપણા ઉન્નતિક્રમમાં વિઘ્ન નાંખીએ છીએ. અમુક કર્તવ્યનો માર્ગ છે, એમ સમજી ભુલથી અહંકારના માર્ગે પ્રવર્તીએ અને તેથી જે અશુભ પરિણામ આવે તેના કરતાં અંતઃકરણના આદેશ વિરૂદ્ધ એક પણ કામ કરવાથી હજારપણું અશુભ પરિણામ આવે છે. બીજાની સૂચના કે આજ્ઞા પ્રમાણે ચાલીને જે તમારા અંતઃકરણથી ખોટું લાગતું હોય તે પ્રમાણે વર્તો તો તમારી સત્યાસત્ય પારખવાની વિવેકશક્તિ જડ થતી જાય છે અને તમારો અંતરપ્રતિભાનો પ્રકાશ ધીમે ધીમે ઓલવાઈ જશે અને તમારે કેવળ અંધારામાં ફાંફાં મારવામાં પડશે. જો તમારી આવી સ્થિતિ થઈ તો પ્રકાશ અને અંધકાર-દૈવી અને આસુરી શક્તિઓ વચ્ચેનો, દેવ અને અસુર વચ્ચેનો ભેદ કેવી રીતે પારખી શકશો? તમારા ઉચ્ચ જીવન ગાળવાના એકના એક સાધનનો આ રીતે જો તમે તમારી મેળે નાશ કરી દેશો તો પછી કયા સાધનનો તમે આશ્રય લઇ શકશો ? માટે બીજો તમને જે કર્તવ્ય-ધર્મ બતાવે તે પ્રમાણે નહિ પણ તમારા અંતઃકરણના આદેશથી જે તમારા કર્તવ્યરૂપ લાગે તે પ્રમાણે વર્તો. આજ હેતુથી શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્દગીતામાં લખ્યુ છે કેઃ—

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

સ્વધર્મમાં-પોતાના કર્તવ્યમાં-પોતાનેજ કરવા યોગ્ય હોય તે કામ બજાવતાં મરણ થાય તે પણ ઇષ્ટ છે, પણ બીજાનો માર્ગ

સુંદર હોવા છતાં ભયભરેલો છે, કારણ કે તેથી આપણી ઉન્નતિ થવાની નથી. આ શ્લોક બીજા ધર્મોની નિંદારૂપ નથી પણ, સ્વ-કર્તવ્ય શું છે તે સમજી મનુષ્યો તદનુસાર વર્તે તે પ્રતિબોધવાને માટે છે.

ઉચ્ચ જીવનનો માર્ગ ઉપર જણાવ્યું તેમ સરળ નથી, ઘણી-વાર પ્રયત્ન કર્યા પછી અને અનેકવાર પરાભવ પામ્યા પછી સત્ય માર્ગ આપણને જડે છે. સતત ઉદ્યોગ સિવાય કર્તવ્યનો માર્ગ જડતો નથી, જો આપણી સત્ય જાણવાની તીવ્ર જીજ્ઞાસા હશે તો ગમે તેટલાં વિઘ્નો આપણા માર્ગમાં આવશે. છતાં આપણને તે જડશેજ.

Think truth, speak truth, act truth. Then only you shall acquire the power to know truth when you see it with a swift intuition which is above all reason.

અર્થઃ—સત્ય વિચારો, સત્ય બોલો અને સત્ય આચરો, આ રીતેજ તમે સત્ય જાણવાની શક્તિ મેળવશો અને બુદ્ધિની પણ પેલી પાર રહેલી આંતરપ્રતિભા (Intuition) વડે સત્યને જોતાંજ તમે તે ઓળખી શકશો.

ઉચ્ચ જીવન ગાળવામાં આપણા કરતાં આત્મવિદ્યામાં આગળ વધેલા પુરૂષોનો સંગ કરવો એ પણ બીજું અગત્યનું સાધન છે. પણ તેઓ અધ્યાત્મવિદ્યામાં (Spirituality) ખરેખર આગળ વધેલા છે, તે બાબતમાં આપણી ભૂલ ન થાય તે માટે ખરા આત્મજ્ઞ-પુરૂષનાં લક્ષણો અને ચિન્હો આપણે જાણવાં જોઇએ,

જે ગુણો મેળવવાને આપણે પ્રયત્ન કરતા હોઇએ, તે ગુણો જેનામાં પૂર્ણપણે વિકાસ પામ્યા હોય, જે કામ આપણે અપૂર્ણ રીતે કરતા હોઇએ, તે કામ જે સંપૂર્ણ રીતે કરી શકે, અને જે

આપણી ઉચ્ચભાવનાના આદર્શરૂપ હોય તે આપણો નાયક (Guide) ગુરૂ અને મદદગાર થવાને લાયક છે. જે ખરો આત્મજ્ઞ છે, તેનું જીવન કેવા પ્રકારનું હોવું જોઇએ તે સંબંધમાં કાંઇક વિચાર આપણે કરીએ.

આપણી આસપાસ ઉન્નતિને વાસ્તે, પ્રકાશને વાસ્તે, ફાંફાં મારતાં અનેક સ્ત્રી પુરૂષો નજરે પડે છે. તેમની તરફ આપણે કેટલીક ફરજો બજાવવાની છે. આ જગતની વ્યવસ્થા આકસ્માતિક-નિયમ વિનાની—નથી. વિશ્વનું ચક્ર અમુક નિયમાનુસાર ચાલે છે. આપણા સંબંધમાં જે જે મનુષ્યો આવે છે, તે નિષ્કારણ આવતા નથી, માટે તે મનુષ્યો પ્રતિ આપણે કેટલીક ફરજો બજાવવાની છે. જો કે દરેક મનુષ્યના સંબંધે જુદી જુદી ફરજો બજાવવાની છે, છતાં તેના આપણે સામાન્ય રીતે ત્રણ વિભાગ પાડી શકીએ. જે આપણા કરતાં જ્ઞાનમાં, ગુણમાં અને બીજી કોઈ રીતે આગળ વધેલા હોય તેમના તરફ પૂજ્યબુદ્ધિ દર્શાવવી અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું, જે આપણી સમાન કક્ષામાં હોય તેમના પ્રતિ નમ્ર અને પ્રેમાળ થવું અને તેમને મદદગાર થવું,. અને આપણા કરતાં ઉતરતા મનુષ્યો તથા પશુઓ વગેરે તરફ દયા અને દિલસોજી બતાવવી જોઇએ. આ સર્વ સામાન્ય કર્તવ્યો છે. ઉચ્ચજીવનના અભ્યાસકે આ કર્તવ્યમાં તો જરાપણ ચુકવું નહિ; કારણ કે જે આવી સામાન્ય ફરજો પણ બજાવી શકતો નથી, તે આત્મમાર્ગને વાસ્તે અનધિકારી છે.

આપણે જ્યારે કુટુંબને લગતી, સમાજને લગતી, આપણા સંજોગોને લીધે ઉત્પન્ન થયેલી ફરજો બજાવી રહીએ, ત્યારે પણ એક ઉચ્ચ પ્રકારની ફરજ અદા કરવાની રહે છે, કારણ કે તે ફરજ બજા-

ત્યાથીજ આપણા માર્ગ ઉપર પ્રકાશ પડશે અને આત્મવિદ્યાના વિકટ માર્ગમાં કેટલેક અંશે સરલતા થશે.

જો કોઈ માણસ આપણા સંબંધમાં આવે તો તે આપણા સંબંધથી વધારે સારો મનુષ્ય થાય એ બાબત આપણે કાળજી રાખવી જોઇએ. જો કોઇ અજ્ઞાની મનુષ્ય આપણા સમાગમમાં આવે અને આપણામાં જ્ઞાન હોય તો આપણા જ્ઞાનને લીધે તેના જ્ઞાનમાં કાંઇપણ વધારો થવો જોઇએ. જો કોઈ દુઃખી માણસ આપણા સંસર્ગનો લાભ મેળવે તો આપણી દિલસોજીથી કોઇપણ અંશે તેનું દુઃખ ઓછું થાય તેમાંજ આપણા સંસર્ગનું ફળ છે. જો કોઈ નિરાધાર મનુષ્ય આપણી સંગતિ શોધતો આવે અને જો આપણામાં બળ હોય તો આપણા બળને લીધે તેનું દુઃખ ઓછું થવું જોઇએ; એમાં આપણી સંગતિની સાર્થકતા છે. દરેક સ્થળે આપણે વધારે માયાળુ, નમ્ર અને દિલસોજીવાળા થવું જોઇએ. આપણે સખ્ત થઇને બીજાઓને ગુંચવણમાં નાખવા એ આપણું કર્તવ્ય નથી; જગતના દુઃખનો પાર નથી, તો ખરા આત્મજ્ઞાનની ઇચ્છાવાળા મનુષ્યે શાંતિ અને દિલસોજીનું મધ્યબિન્દુ બનવું જોઇએ. આપણે પ્રકાશરૂપ થવું જોઇએ કે જેથી આપણા સંસર્ગમાં આવતા મનુષ્યો તે પ્રકાશને લીધે સહીસલામતીથી પોતાના કર્તવ્યમાં ચાલી શકે. આપણી બીજાના પર કેવી અસર થાય છે, તેમાંજ ખરી અધ્યાત્મવિદ્યા સમાયેલી છે અને આપણે જગતમાં વસીએ છીએ તેથી જગત્ વધારે શુદ્ધ અને વધારે ઉચ્ચ ભાવનાવાળું થાય એ આપણે જોવાનું છે.

આપણો જન્મજ બીજાને મદદ કરવાને, બીજાને આગળ વધારવાને અને બીજાની ઉન્નતિમાં સહાય કરવાને છે. એવો આદર્શ હૃદય આગળ રાખી આત્મજ્ઞાનના અભ્યાસકે દરરોજ જીવન વ્યવહા-

રમાં વર્તવું જોઇએ. આ માર્ગમાં જો કાંઇપણ અડચણ હોય તો તેમનું ઉદ્‌ભવસ્થાન આપણે પોતેજ છીએ. તમારા બંધુઓને મદદ કરો, પણ તેમની અજ્ઞાનતા ખાતર, તેમની નિર્બળતા ખાતર તેમની અશુદ્ધ બુદ્ધિ ખાતર તેમની તરફ સખ્ત થતા ના. તેઓ જ્યારે પડે-આખડે ત્યારે તેમને ઉભા થવામાં મદદ કરો. યાદ રાખવું જોઇએ કે આપણે જ્યાં ઉભાં છીએ ત્યાંથી કદાચ પડી પણ જઇએ અને આપણને પણ ઉભા થવામાં બીજાની મદદની જરૂર પડે.

દરેક ધર્મપુસ્તકમાં કહ્યું છે કે વિશ્વની વ્યવસ્થા અનંતશક્તિ અને અનંત પ્રેમવાળી સત્તાના હાથમાં છે, માટે ખરો આત્મજ્ઞાની અત્યંત પ્રેમાળ હોવો જોઇએ. આખું વિશ્વ જે પ્રેમસાગરમાં સ્નાન કરે છે તે સાગરમાંનું એકાદ પ્રેમનું બિન્દુ પણ આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને આપવા તત્પર રહેવું જોઇએ. તમારા જાતિબંધુને તમે મદદ કરો તેમાં કદાપિ ભૂલ થવાનો સંભવ છેજ નહિ.

આનું નામજ ખરૂં આત્મજ્ઞાન. આ રીતે આપણે જે વિષયથી આ વ્યાખ્યાનનો આરંભ કર્યો હતો તે મૂળ વિષયપર આવીએ છીએ: જ્યારે સર્વમાં એક આત્મા જોતાં શીખીએ ત્યારે આપણી ભાવના ઉપર પ્રમાણે થાય છે. આત્મજ્ઞાનીનું જીવન પરોપકાર કરતાં પણ વધારે ઉચ્ચ હોવું જોઇએ. જે સર્વ જીવે છે, તેની સાથે ઐકય અનુભવતાં તેણે શિખવું જોઇએ. જ્યાં સર્વ એક છે, ત્યાં ભેદભાવ હોઈ શકેજ નહિ. અને ઉપાધિ તરફ દૃષ્ટિ કરતાં ભેદ દેખાય છતાં તે ઉપાધિની પાછળ રહેલી આત્મજ્યોતિ તો એકજ છે.

ઉચ્ચજીવનનું રહસ્ય બહુ વિકટ છે. અને તે પ્રમાણે ચાલવું તેથી પણ વિકટ છે; છતાં જો આ ઉચ્ચ ભાવના આપણને તે તરફ ચાલવાને પ્રેરણા કરતી હોય તો આપણા જીવનવ્યવહારમાં નાની

બાબતોમાં પણ આપણે તદનુસાર વર્તવા પ્રવૃત્ત થવું જોઇએ.

દૃઢ નિશ્ચય કરો, અને મનમાં જરાપણ ભય રાખતા નહિં. કદાપિ તમે પડો, આખડો, ફરીથી ચડો, છતાં જો તમારો આ માર્ગે ચાલવાનો દૃઢ નિશ્ચય હશે તો ઘણી જલદીથી શાન્તિનું સ્થળ તમે પ્રાપ્ત કરી શકશો.

આત્માની શકિત અનંત છે, અને જો એકવાર આપણો અંતરાત્મા આ માર્ગે ચાલવાનો દૃઢ નિશ્ચય કરે તો સઘળી અડચણો સ્વયમેવ દૂર થશે અને અનંત શાંતિ સ્વયમેવ આવી મળશે. ઉચ્ચ જીવનના ફળરૂપે એ શાંતિ આખા વિશ્વને હો.

૩ યજ્ઞનો નિયમ.

બંધુઓ ! આપણે જોઈ ગયા કે જે પ્રમાણમાં મનુષ્યો ઇંદ્રિયોને શાંત કરે છે, અને મનને સંયમમાં રાખે છે, તે પ્રમાણમાં ઉચ્ચ ચૈતન્ય રૂપ પોતાને અનુભવે છે. તે પછી આપણે એ પણ જોઈ ગયા કે જે પ્રમાણમાં તે કર્તવ્યનો નિયમ સમજે છે અને અત્યાર સુધી કરેલું દેવું આપવાને દૃઢતાથી અને નિશ્ચયપૂર્વક પ્રયત્ન કરે છે, તે પ્રમાણમાં તે ઉચ્ચ જીવનના અનુભવ તરફ જતો જાય છે.

આજે આપણે તેથી પણ વધારે ઉચ્ચ પ્રદેશમાં વિચરીશું, અને જોઇશું કે કર્તવ્યના નિયમ પ્રમાણે જીવન ગાળ્યા પછી યજ્ઞનો નિયમ તેને કેવી રીતે ઉન્નત બનાવે છે; અને પ્રભુ સાથે ઐક્ય અનુભવવા તેને સમર્થ બનાવે છે તે પણ આપણે વિચારીશું. હવે આપણે તે યજ્ઞના નિયમનો અભ્યાસ કરવાનો છે. વારંવાર કહેવામાં આવ્યું છે અને તે પણ સત્ય રીતે કહેવામાં આવ્યું છે

કે જે દુનિયામાં આપણે રહીએ છીએ તે દુનિયામાં યજ્ઞનો નિયમ અંકિત થયેલો છે. અને તેમ થાય તેમાં નવાઇ નથી, કારણ કે જે વિશ્વમાં આપણે વસીએ છીએ તે વિશ્વ પણ યજ્ઞના પરિણામ રૂપે હયાતીમાં આવ્યું છે. ઈશ્વરે આ જગત્ ઉત્પન્ન થાય તે માટે પોતાના અપરિમિત ચૈતન્યને પરિમિત બનાવ્યું. બધા ધર્મો આ બાબતમાં એક સરખો મત ઉચ્ચારે છે કે દિવ્યયજ્ઞના પરિણામરૂપે આ વિશ્વ પ્રકટ થયું. તેને સાબીત કરવાને દરેક ધર્મમાંથી ઉતારા ટાંકી શકાય, પણ તે બાબત તમને એટલી બધી પરિચિત છે કે તેની સાબીતી આપવાની જરૂર જણાતી નથી.

જે અમૂર્ત છે તેણે પ્રકૃતિની મર્યાદાઓ ધારણ કરી. જે ગુણાતીત છે તે સગુણ થયો, અને જે સ્વતંત્ર છે તે બંધનથી બંધાયો—આ બાબતમાંજ યજ્ઞનું સ્વરૂપ તમારા જાણવામાં આવશે. વિશ્વની પ્રકટ થવાની ક્રિયા તરફ જો આપણે લક્ષ દોરીએ તો પ્રથમ વિચાર એ આવે છે કે ઈશ્વરે મર્યાદા સ્વીકારવાથી આ જીવન પ્રકટ થયું. અને તેમાંજ વિકાસની શરતો જોવામાં આવે છે. અમુક આકારો ગ્રહણ કરવાથી જીવન પ્રકટે થાય છે; અને આકારોનો નાશ કરવાથી અને નવા આકારો ગ્રહણ કરવાથી જીવન નિરંતર વિકાસ પામ્યા કરે છે. પ્રથમ જીવન પ્રકૃતિમાં પ્રકટ થાય છે અને પોતાની આસપાસ જે પ્રકૃતિ ખેંચે છે, તેના આકાર રચે છે. જીવનનાં કર્તવ્યો બજાવતાં તે આકાર ઘસાતો જાય છે અને જે પ્રકૃત્તિ નાશ પામી તેનું સ્થાન જીવનની નવી પ્રકૃતિ વારંવાર ગ્રહણ કરીને પુરે છે. આપણે જોઇએ છીએ કે આકારો નિરંતર ઘસાતા જાય છે અને નવા પરમાણુઓ તેમાં આવતાં જાય છે. અને નાશ પામતા શરીરમાં વારંવાર નવી પ્રકૃતિ ગ્રહણ કરીને અને આ પ્રમાણે જીવન

પ્રકટ કરવાનાં સાધન તરીકે શરીરનું રક્ષણ કરીને તે જીવન પ્રકટ થઇ શકે. કોઇએ નહિ ગ્રહણ કરેલી પ્રકૃતિ વારંવાર ગ્રહણ કરીને અને તેનું શરીર રચવામાં અને તેને તાજુ રાખવામાં તે પ્રકૃતિનો ઉપયોગ કરીને જીવન વૃદ્ધિ પામે છે.

આ પ્રમાણે વિકાસ પામતા જીવનના સ્વભાવમાં એવો વિચાર અંકિત થાય છે કે લેવાથી—ગ્રહણ કરવાથી અને પકડી રાખવાથી જીવન વધતું જાય છે. આ પ્રમાણે જીવન પ્રકૃતિની સાથે સંબંધમાં આવવાથી શીખે છે, અને શરૂઆતના પગથીયામાં તેને ભાન પણ ન હતું કે લેવું, ગ્રહણ કરવું, પકડવું, રાખી મૂકવું એ જીવનનું લક્ષણ નથી. પણ જે આકારમાં તે જીવન વ્યક્ત થયું છે, તે આકારને પકડી રાખવાનો તે ઉપાય છે. નવી પ્રકૃતિ વારંવાર લીધાં સિવાય આકાર લાંબો સમય ટકી શકેજ નહિ. જેમ જેમ જીવન ખીલતું જાય છે—વિકાસ પામતું જાય છે, તેમ તેમ આ ગ્રહણ કરવું એ વિકાસ પામતા જીવનું લક્ષણ ગણાય છે. તે દરેક સ્થળે શીખે છે કે પ્રવૃત્તિ માર્ગપર તેણે લેવું, ગ્રહણ કરવું અને પોતાનું બનાવવું. પોતાનામાં બીજા આકારોને મેળવી લેવાને પ્રયત્ન કરવાનું તે દરેક ઠેકાણે શીખે છે, અને બીજા આકારોને પોતાના આકાર સાથે એકત્રિત કરી તે આકારમાં હયાતી લંબાવવાને તે પ્રયત્ન કરે છે. જ્યારે વિકાસ પામતો જીવાત્મા સ્થૂલતાની અમુક હદે પહોંચ્યો હતો અને જ્યારે મહાન્ ગુરૂઓ તે જીવાત્માને શિક્ષણ આપવા લાગ્યા, ત્યારે તેના પ્રથમના અનુભવો કરતાં કાંઇક જુદાજ પ્રકારનું શિક્ષણ તેના સાંભળવામાં આવ્યું. ગુરૂ તેને કહેવા લાગ્યા કે, જીવન કેવળ લેવાથી નહિ, પણ જે અત્યાર સુધી પચાવ્યું હતું, તેનો ભોગ આપવાથી ટકે છે. બીજા આકારોને તમારી અંદર દાખલ કરવાથી

તમે ટકી શકો, અથવા તમારી આસપાસના જીવનને તમારાજ એક ભાગ રૂપ બનાવવાથીજ તમે જીવી શકો કે વિકાસ પામી શકો, એમ માનવું એ ભુલભરેલું છે. આખી દુનિયા પરસ્પર આધારના નિયમથી ટકી રહી છે, પરસ્પર આપ લે કરવાથી અને પરસ્પરના આધારનો નિયમ સ્વીકારવાથી સર્વ જીવો હયાતી ભોગવી શકે છે. તમે આ આકારવાળી દુનિયામાં એકલા રહી શકો નહિ. બીજાં શરીરોને ગ્રહણ કરીને દેવું કર્યાં સિવાય તમે તમારૂં શરીર ટકાવી શકો નહિ, અને તમારે તે દેવું તમે ગ્રહણ કરેલી કોઇ વસ્તુનો ભોગ બીજા જીવોની હયાતી માટે આપીને આપવાનું છે. સર્વ જીવો એક સોનેરી સાંકળથી એક બીજા સાથે જોડાએલા છે; અને તે સોનેરી સાંકળ ગ્રહણ કરવાનો નિયમ નહિ પણ આત્મભોગનો— યજ્ઞનો નિયમ છે.

આ વિશ્વ પ્રભુના પરમ યજ્ઞથી હયાતીમાં આવ્યું. અને તે યજ્ઞ સતત ચાલુ રાખવાથીજ આ વિશ્વ ટકી શકે છે.

શ્રીકૃષ્ણ ભગવાન્ શું કહે છે તે સાંભળો:—

નાયં લોકોऽસ્ત્યયજ્ઞસ્ય કુતોऽન્ય: કુરુસત્તમ ॥

હે અર્જુન ! યજ્ઞ નહિ કરનારને માટે આ લોક નથી તો પરલોક તો ક્યાંથીજ હોય !

માટે યજ્ઞ કર્યાં સિવાય મનુષ્ય આ સાકાર વિશ્વમાં રહી શકે નહિ; જો આ વિશ્વનો દરેક અવયવ-દરેક જીવ યજ્ઞકાર્યો કરીને જીવનનું ચક્ર ચલાવવામાં મદદ ન કરે તો આ ચક્ર ચાલી શકે પણ નહિ. યજ્ઞથી જીવનનું રક્ષણ થાય છે, અને સર્વ વિકાસનું મૂળ યજ્ઞમાં છે.

આ નવો પાઠ આપણે બરાબર શીખી શકીએ તે માટે મહાન

ગુરૂઓ આપણને યજ્ઞનાં કામો કરવાને આગ્રહ કરીને જણાવે છે, અને તે સાથે એમ પણ બતાવે છે કે આવાં યજ્ઞોનાં કામોથી જીવ-નનું ચક્ર ચાલે છે, જેના પરિણામે સર્વ શુભ વસ્તુઓની આપણને પ્રાપ્તિ થાય છે. આ કારણથીજ આપણે જોઇએ છીએ કે હિંદુ ધર્મમાં પાંચ યજ્ઞો કરવાનું ફરમાવવામાં આવ્યું છે, અને જગતના બધા જીવોના રક્ષણ અર્થે જરૂરના જે યજ્ઞો છે, તે સર્વને તે પાંચ યજ્ઞના મોટા વિસ્તારમાં સમાવેશ થઇ જાય છે.

આપણને શીખવવામાં આવ્યું છે કે અદૃશ્ય દુનિયા–દેવલોકો સાથેનો આપણો સંબંધ દેવો પ્રત્યે યજ્ઞ કરવાથી ટકી શકે; અહીં પણ પરસ્પર આધારનો નિયમ જણાઇ આવે છે. આપણે તેમને આપીએ છીએ, તેઓ આપણને આપે છે. આ પ્રમાણે એક બી-જાને પોષણ આપતા આપણે પરમ ફળ પ્રાપ્ત કરીએ,

પછી આપણે ઋષિયજ્ઞ વિષે શીખીએ છીએ. તે યજ્ઞ જ્ઞાનીઓ તરફ–મહાન્ ગુરૂઓ પ્રત્યે કરવાનો છે. તે અભ્યાસનો યજ્ઞ છે. અ-ભ્યાસ કરીને આપણે એક પ્રકારનું દેવું વાળવાનું છે, અને જ્ઞાનીઓ તથા ઋષિઓ પ્રત્યેની આપણી જવાબદારી અદા કરવાની છે. અ-ભ્યાસ કરીને આપણે બીજાને શીખવવા માટે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, આ પ્રમાણે આપણે જ્ઞાન પરંપરા જાળવીએ છીએ. આ પ્રમાણે એક જમાનો બીજા જમાનાને જ્ઞાનનો વારસો સોંપે છે. તે પછી આપણે શીખીએ છીએ કે આપણે વડિલો પ્રત્યે ભૂત-કાળ પ્રત્યે, પૂર્વજો–પિતૃઓ પ્રત્યે યજ્ઞ કરવાનો છે. અને આપણને ભુતકાળમાંથી જે મળ્યું તે ભવિષ્યની પ્રજાને આપીને આપણે તે દેવું વાળવાનું છે; આવી જાતનો તે યજ્ઞનો હેતુ છે.

પછી મનુષ્યજાતિ ભણી આપણે યજ્ઞ કરવાનો છે. આપણને

શીખવવામાં આવ્યું છે કે દરરોજ ઓછામાં ઓછા એક મનુષ્યને જમાડવો. આપણે જાણીએ છીએ કે યજ્ઞનું રહસ્ય ફક્ત એક ગરીબને ભોજન આપવામાંજ સમાઇ જતું નથી, તે મનુષ્યને ખવરાવવામાં આપણે તે યજ્ઞના નાથને ખવરાવીએ છીએ અને તે જ્યારે જમે છે, ત્યારે તેમનામાં રહેલી આખી મનુષ્યજાતિ જમે છે. જ્યારે પાંડવો જંગલમાં રહેતા હતા, અને તેઓ ભોજન જમી રહ્યા હતા, ત્યારે દુર્વાસા મુનિ ત્યાં આવી પહોંચ્યા અને અન્ન માગ્યું, ત્યાં પાંડવો પાસે બિલકુલ ભોજન ન હતું. અને પછી યજ્ઞના નાથ-શ્રી કૃષ્ણ પોતે ત્યાં આવ્યા અને પાંડવોને અન્નની શોધ કરવા કહ્યું: અને શોધ, કરતાં ચોખાનો એક દાણો જડી આવ્યો. જે તેમણે આરોગ્યો અને તેમની ભુખ મટી ગઇ, અને તેમની ભુખની તૃપ્તિ થતાં ટોળાબંધ યોગીઓનાં પેટ ભરાઈ ગયા. માટે મનુષ્ય-યજ્ઞમાં આ રહસ્ય છે. એક ભૂખ્યા ભીખારીને ખવરાવવામાં આપણે તે પ્રભુને ખવરાવીએ છીએ કે જે પ્રભુ સર્વમાં રહેલો છે, જે દરેક મનુષ્યનો અંતર્યામી છે, અને એક ગરીબ ભીખારીના રૂપમાં તેને ખવરાવવામાં આપણે આખી મનુષ્યજાતિને ખવરાવીએ છીએ.

છેવટે આપણે પશુ પ્રત્યે યજ્ઞ કરવાનો છે. દરરોજ બે ત્રણ પશુઓને નિયમ પ્રમાણે ખવરાવવામાં આપણે પશુ-સૃષ્ટિમાં રહેલા તે પશુઓના નાથને પોષીએ છીએ અને આ યજ્ઞથી પશુ-સૃષ્ટિ ટકી રહી છે.

યજ્ઞનું રહસ્ય અને યજ્ઞની ક્રિયા બાળમનુષ્યજાતિને શીખવવાને આ પ્રમાણે ભૂતકાળમાં પાઠ શીખવવામાં આવ્યા હતા. અને આપણને જણાય છે કે આ પાંચ યજ્ઞોના શબ્દાર્થ કરતાં તે યજ્ઞો પાછળ રહેલું રહસ્ય વધારે કીંમતી છે, અને તે યજ્ઞની—આત્મભોગની

ભાવના સાથે આપણે કર્તવ્યની ભાવનાને સામેલ કરીએ છીએ. જ્યારે યજ્ઞની ભાવનાને કર્તવ્યની ભાવના સાથે જોડવામાં આવે છે—વણી લેવામાં આવે છે, ત્યારે વિકાસ પામતા જીવ આગળ નવું પગથિયું આવીને ઉભું રહે છે. તમે કેટલાંક કામો ફરજ તરીકે કર્તવ્ય તરીકે કરતાં શીખ્યા છો, હવે તમારે શીખવાનું છે કે યજ્ઞાર્થે જે કામ કરવામાં આવે તે સિવાયનાં બધાં કામોથી જગત્ બંધાય છે. તમારે શીખવું જોઇએ કે કર્મોના ફળની ઇચ્છા મનુષ્યને કર્મબંધથી બાંધે છે, અને જો આવાં બંધનોથી આપણે મુક્ત થવું હોય તો સર્વત્ર કાર્યના ફળનો ભોગ આપતાં આપણે શીખવું જોઇએ.

तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥ ३-९

હે કૌન્તેય ! તું ફળની આસક્તિથી મુક્ત થઇ યજ્ઞાર્થે કામ કર. તે બીજું પગથિયું છે. આનો અર્થ એવો થતો નથી કે અમુક પ્રવૃત્તિઓ મનુષ્યની બીજી બધી પ્રવૃતિઓથી યજ્ઞાર્થે ભિન્ન રાખવાની છે, પણ કાર્યના ફળનો ત્યાગ કરીને સર્વ કાર્યો યજ્ઞની દૃષ્ટિએ જોવાના છે. જ્યારે આપણે કર્મફળનો ભોગ આપીએ છીએ, ત્યારે દુનિઆની સાથે આપણને બાંધનાર કર્મબંધનથી આપણે મુક્ત થઇએ છીએ; કારણકે શું આપણા વાંચવામાં નથી આવ્યું કે:—

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ॥
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ ४-२२

આસક્તિ રહિત, મુક્ત, જ્ઞાનમાં સ્થિરવૃત્તિવાળો, અને યજ્ઞને માટે આચરણ કરનાર પુરૂષનાં સમગ્ર કર્મ નાશ પામે છે.

જે કામ યજ્ઞાર્થે કરવામાં આવે છે, તે સિવાયનાં બધાં કામોથી મનુષ્ય બંધાય છે. જ્યાં પ્રવૃત્તિ માર્ગનો અંત આવે છે, અને ગૃહભણી પાછા વળવાને જ્યાં નિવૃત્તિ માર્ગનો પ્રારંભ થાય છે,

ત્યાં આ સંદેશનો આપણા કાનપર ધીમેથી અવાજ થવા લાગે છે. જ્યારે મનુષ્ય કર્મફળત્યાગ કરવાનો આરંભ કરે છે, જ્યારે તે સઘળાં કામ કર્મફળની સ્પૃહા વિના કર્તવ્ય તરીકે કરવા શીખ્યો હોય છે, ત્યારે મનુષ્યના આત્માના વિકાસક્રમમાં એક મોટો કટાકટીનો પ્રસંગ આવે છે. જ્યારે તે કર્મફળનો યજ્ઞ કરતો હોય છે, તે સમયે હજુ એક ઉચ્ચ અવાજ તેના કાને પડે છે. જે પાઠ તેને નિવૃતિ માર્ગપર મુકનારો છે, તે ઉચ્ચ પાઠ તેના જાણવામાં આવે છે કે:—

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ४३-३

હે પરંતપ! દ્રવ્યના યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ વધારે ઉત્તમ છે, સર્વ કર્મ માત્ર જ્ઞાનમાં પરિપૂર્ણ સમાઇ જાય છે.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः ॥

તે જ્ઞાન તું શિષ્યવૃત્તિથી, પ્રશ્નો કરીને અને સેવા કરીને જ્ઞાનીઓ પાસેથી જાણ. તત્વદર્શી જ્ઞાનીઓ તને તે જ્ઞાનનો બોધ કરશે.

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ४-३५

હે પાંડવ! તે જ્ઞાન પ્રાપ્ત કરીને ફરીથી તું આ પ્રમાણે મોહ પામીશ નહિ. અને તે જ્ઞાનવડે તું સર્વ પ્રાણીઓને આત્મામાં અને મારામાં જોઇ શકીશ.

અહીં જે ઉપદેશ આપવામાં આવ્યો છે, તેમાં આધ્યાત્મિકતાનો ખરો ધ્વનિ નીકળી આવે છે. જ્ઞાનયજ્ઞવડે સર્વ જીવોને આપણે

આત્મામાં અને આ રીતે પ્રભુમાં જોતાં શીખીશું. આ નિવૃત્તિમાર્ગ સૂચક ધ્વનિ છે. હવે વિકાસ પામતા જીવાત્માએ આ પાઠ શીખવાનો છે.

હવે તે વિકાસ પામતા જીવાત્માના જીવનમાં એક કટાકટીનો પ્રસંગ આવે છે. તે કાર્યફળનો ભોગ આપવાનો પ્રયત્ન કરતો હોય છે, તે રાગની વસ્તુ તરફ ઉદાસીન થવાનો પ્રયત્ન કરતો હોય છે. ફળની આસક્તિ જવા લાગે છે, વૈરાગ્યથી તે રંગાય છે. તેનાપર ઉદાસીનતા છવાઇ જાય છે. તે જાણે ખાલી જગ્યામાં આમતેમ લટકતો હોય એવી તેની સ્થિતિ થાય છે. કાર્ય કરવાના સર્વ હેતુઓ જતા રહ્યા છે. પ્રવૃત્તિમાર્ગનું પ્રોત્સાહક તત્ત્વ ચાલ્યું ગયું છે. હજુ નિવૃત્તિમાર્ગનું પ્રોત્સાહક તત્ત્વ તેને જડયું નથી. તેના દીલમાં સર્વ વસ્તુઓ પ્રતિ કંટાળો છે. તે કર્તવ્યના નિયમથી થાકી ગયો લાગે છે, તે હજુ યજ્ઞના નિયમનું હાર્દ સમજ્યો નથી. આ ક્રાન્તિના સમયે—આકાશમાં લટકતી આ પળે—આ માયાવી આકારોની દુનિયા સાથે તો તેનો સંબંધ જતો રહ્યો હોય એમ લાગે છે. પણ હજુ તેને ચેતનની દુનિયા સાથે બીજી બાજુ સંબંધ થયો નથી.

એક મનુષ્ય એક ઉભી ટેકરીપરથી બીજી ઉભી ટેકરીપર એક નાના પૂલવાટે જતો હોય, અને તેના પગલાની સાથે પૂલને નીચે નમતો જુએ, અને તેની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ આ સમયે આ વિકાસ પામતા જીવાત્માની થાય છે. તે હવે પાછો આવી શકે નહિ, તે હવે સામે કિનારે પહોંચી શકે નહિ. તે મોટી ખીણુપર શૂન્ય અવકાશમાં લટકતો હતો એમ લાગે છે, સર્વ સાથેનો તેનો સંબંધ જતો રહ્યો હોય એમ જણાય છે.

હે ભીરૂ આત્મા! આવી શૂન્યાવસ્થા આવે ત્યારે ભય પામતો ના. શાશ્વત તત્ત્વ સાથે સંબંધ થાય તે માટે ક્ષણિક વસ્તુઓ સાથેનો સંબંધ છોડતાં જરાપણ ગભરાતો ના. જેઓ આવી શૂન્ય સ્થિતિમાંથી પસાર થાય છે, અને તેની પેલીપાર ગયા છે, તેઓને આ શૂન્ય સ્થિતિ પૂર્ણતામય લાગેલી છે, તેમણે જીવનનો જે નિયમ ઉચ્ચાર્યો છે અને જે નિયમ પ્રમાણે હવે તારે ચાલવાનું છે, તે નિયમ સાંભળ.

'જે પોતાની જીંદગીને ચ્હાય છે, તે તે જીંદગી ખોશે, અને જે પોતાની જીંદગી ખોશે, તે અનંત જીવનમાં તે જીંદગી પાછી મેળવી શકશે."

આંતર જીવનની આ કસોટી છે. જ્યાં સુધી હલકાં તત્ત્વ સાથેનો સંબંધ છૂટે નહિ. ત્યાં સુધી ઉચ્ચ તત્ત્વનો તમને કદાપિ અનુભવ થઈ શકે નહિ. હલકી વસ્તુઓનો સ્પર્શ જ્યાં સુધી તમને શબના સ્પર્શ તુલ્ય ન લાગે ત્યાં સુધી તમને ઉચ્ચ જીવનનો અનુભવ થઈ શકે નહિ. એક ઉભી ટેકરીને અઢેલીને એક નિસરણી મૂકવામાં આવી હોય, અને એક બાળક તે પર ચઢતો હોય છે. તે બાળક ઉપર રહેલા તેના પિતા પાસે જવા ઇચ્છે છે. તે પિતા તેને ઉપર બોલાવે છે. તે તેના પિતા પાસે જવા ઇચ્છે છે. પણ નીચે ઉંડી ખીણ જુએ છે, તેથી તે બન્ને હાથથી તે નીસરણીને વળગી રહે છે. તે અવાજ તેને જણાવે છે કે: "નીસરણી પકડવી છોડી દે, અને તારા માથા ઉપર ઉંચે તારા હાથ લંબાવ." પણ તે બાળક ભય પામે છે. તે બાલક વિચારે છે કે "જો હું નીસરણી છોડી દઉં તો શું નીચેના મોટા ઉંડા ખાડામાં ન પડું?" તે પોતાના માથા પર જોઈ શકતો નથી. હવા ખાલી જણાય છે, પકડવા જેવું કાંઇ

પણ નથી. તે સમયે પૂર્ણ શ્રદ્ધાનો સમય આવે છે. તે નીસરણી છોડી દે છે, તે શૂન્ય અવકાશમાં પોતાના ખાલી હાથ ઉંચે લંબાવે છે. અને જુઓ ! તેના પિતાના હાથ તેના હાથને ઝાલી લે છે અને પિતાનું બળ તેને ઉંચકીને પોતાની બાજુએ બેસાડે છે. ઉચ્ચ જીવનનો આવો નિયમ છે. હલકાનો ત્યાગ કરવામાં ઉચ્ચની પ્રાપ્તિ થાય છે, અને આપણે જે જીંદગી જાણીએ છીએ, તેનો ત્યાગ કરવાથી અનંત જીવનના આપણે ભાગીદાર બનીએ છીએ.

જે શૂન્યતામાં પ્રાકૃતિક જીવન અદ્રશ્ય થયું હોય છે, અને આત્મિક જીવનનો અનુભવ હજુ થયો નથી, તે શૂન્યતાની સ્થિતિ કેવી ભયંકર છે, તેનો ખ્યાલ તે સ્થિતિમાં જેઓ પસાર થયા હોય તે સિવાય બીજું કોઇ જાણી શકે નહિ.

આ પ્રાકૃતિક જીવન અને આત્મિક જીવન વચ્ચે બીજો કોઇ માર્ગ નથી. તેમની વચ્ચે એક મોટો અખાત પડયો છે, તે ઓળંગવોજ જોઇએ. અને ગમે તેવું વિચિત્ર લાગે છતાં તે તદ્દન નિરાધાર શૂન્ય સ્થિતિ કે જ્યારે મનુષ્યને પોતાના એકલા પરજ આધાર રાખવો પડે છે, અને જ્યારે શાંત ખાલી જગ્યા સિવાય તેની આસપાસ કાંઇ હોતું નથી, ત્યારેજ તે જીવનની શૂન્યતામાંથી શાશ્વત પ્રભુ પ્રકટે છે, અને જેણે વિનશ્વરના ઉમરાપરથી આગળ કુદવાની હિમ્મત ધરી તે અનંતતાની અડગ ખડક ઉપર આવીને ઉભો રહે છે.

જેઓ ભૂતકાળમાં આ આધ્યાત્મિક જીવનની સ્થિતિએ પહોંચ્યા હતા, તે બધાનો આવો અનુભવ છે. જ્યારે આપણા જીવનમાં એવો અખાત આવી પહોંચે, ત્યારે આપણે શું કરવું તે બાબતમાં આપણને પ્રોત્સાહન અને હિમ્મત આપવાને તેઓ ઉપર પ્રમાણે નોંધ

સુકી ગયા છે. આપણે શાસ્ત્રોમાં ઉંડા રહસ્યવાળી બાહ્ય ક્રિયા સંબંધી વાંચીએ છીએ કે જ્યારે શિષ્ય ગુરૂ પાસે જતો ત્યારે તે પોતાની સાથે સમિધ લઇ જતો હતો. આ સમિધ એટલે શું? જે આકારના જીવનને લગતું છે જે મનુષ્યના અંગત હલકા સ્વભાવને લગતું છે, તે સર્વ સમિધથી સૂચવાતું હતું.

તે સર્વની યજ્ઞના અગ્નિમાં આહૂતિ આપવી જોઈએ. કાંઇપણ વસ્તુ બાકી રાખવાની નથી. તેણે પોતાના હલકા સ્વભાવને બાળી નાખવો જોઇએ, અને તેણે જાતે તે અગ્નિ સળગાવવો જોઇએ. તેણે પોતે પોતાની જાતની આહૂતિ આપવી જોઈએ.

આ કામ તેને વાસ્તે બીજો કોઇ કરી શકે નહિ. માટે ઐહિક જીંદગીને છોડી દો, અને પૂર્ણ રીતે તે અર્પણ કરો. તમારા જ્ઞાન પ્રમાણે કોઇ પણ વસ્તુને પાછળ જીવતી રાખતા ના. સ્મશાનના નાથ (મહાદેવ)ને બુમ પાડીને જણાવો કે યજ્ઞ–વેદી ઉપર આહૂતિ પડી છે, અને સર્વભક્ષી અગ્નિ આગળ જરા પણ પાછા હઠતા ના. તે શૂન્યતાની તદ્દન નિરાધાર દશામાં નિયમ પર વિશ્વાસ રાખજો; કારણ કે નિયમ તમને દગો દેશે નહિ. જો યજ્ઞનો નિયમ આખા વિશ્વનો ભાર સહન કરવાને સમર્થ હોય તો મારા જેવા એક પરમાણુના ભારથી શું તે નમી જશે? તેના પર વિશ્વાસ રાખી શકાય તેવો પ્રબળ તે નિયમ છે. આખા વિશ્વમાં સૌથી પ્રબળ તેજ નિયમ છે. યજ્ઞનો નિયમ આપણને જણાવે છે કે આત્માનું જીવન લેવામાં નહિ પણ આપવામાં, ગ્રહણ કરવામાં નહિ, પણ રેડવામાં, માલીકી મેળવવામાં નહિ પણ પોતાની જાત અર્પણ કરવામાં, પોતાની પાસે જે કાંઈ હોય તે પૂર્ણ રીતે આપવામાં રહેલું છે. તેને પૂર્ણ શ્રદ્ધા હોય છે કે દિવ્ય જીવનની પૂર્ણતા તેની અંદર પ્રવેશ કરશે.

અને જુઓ કે આ કેટલું સ્વાભાવિક છે. હવે અક્ષય જીવનની પ્રાપ્તિ થાય છે, અને તે પ્રભુની અમર્યાદિત પૂર્ણતામાંથી નિરંતરે વણાંજ કરે છે. શરીરો—આકારો મર્યાદિત છે, અને જીવન અમર્યાદિત છે. અને તેટલા માટે આકારો—શરીરો ગ્રહણ કરીને જીવે છે. અને જીવ આપીને જીવે છે. જે આપણી પાસે હોય, તે સર્વ જે પ્રમાણમાં આપીને આપણે ખાલી બનીએ, તે પ્રમાણમાં દિવ્ય પૂર્ણતાને આપણી અંદર પ્રવેશ કરવાને જગા મળે છે, અને આપણે કદી પણ ભરાયા ન હતા, તેટલા ભરાઇએ છીએ. તેટલા માટે નિવૃત્તિ માર્ગનું મુખ્ય લક્ષણ 'ત્યાગ' છે. **જેવી રીતે 'ગ્રહણ કરવું એ પ્રકૃતિના બનેલા આકારોનું રહસ્ય છે, તેમ "ત્યાગ' એ જીવનનું રહસ્ય છે.**

આપણે આ યજ્ઞનો નિયમ શીખવોજ જોઇએ. જરા પણ આનાકાની વિના આપવું અને ફરી ફરીને આપવું. આ આપવાથી અને માત્ર આપવાથીજ આપણે જીવીએ છીએ.

જ્યારે આપણે પ્રથમ નિવૃત્તિ માર્ગમાં પ્રવેશ કરીએ છીએ. અને જ્યાં 'ત્યાગ' એ આપણને દોરનારો ભોમીઓ બને છે, ત્યાં તે 'ત્યાગ'નો અવાજ આપણા કાનને હુંફ વગરનો અને સખ્ત લાગે છે, તે ત્યાગનો દેખાવ આપણને ભય ઉપજાવે તેવો જણાય છે.

તે 'ત્યાગ' નો બાહ્ય દેખાવ ગમે તેવો હોય, તે છતાં તેના પર વિશ્વાસ રાખો અને આત્મભોગથી આપણને પ્રથમ દૃષ્ટિએ દુઃખ શા સારૂ થાય છે, તે સમજવા પ્રયત્ન કરો.

આકારની દૃષ્ટિએ યજ્ઞ એટલે આકારનો નાશ, વસ્તુઓનું નાખી દેવું એવો અર્થ થાય છે, અને આકારમાંથી જીવન જતું રહેવા

લાગે છે, એટલે તે આકાર જે જીવનથી તેની હયાતી હતી, તે જીવનને માંહેથી ખેંચાતું જોઇ ચિંતા અને ભયથી બોલી ઉઠે છે. અને તેથી આપણે યજ્ઞ-ત્યાગને દુઃખરૂપ માનવા લાગ્યા છીએ, કારણ કે તે આપવાના-ત્યાગ કરવાના કામમાં ભય અને ઉદ્વેગ થાય છે, અને જ્યાં સુધી આપણે આકારો સાથેની આપણી એકતાને વળગી રહીશું. ત્યાં સુધી આમ બનવાનુંજ.

જે જીવન વિવિધ આકારોમાં રહેલા એકને જુએ છે, તે આત્મિક જીવન જ્યારે આપણે ગાળવાનો આરંભ કરીશું ત્યારે પરમ આધ્યાત્મિક સત્ય આપણી જ્ઞાનચક્ષુ આગળ ખડું થાય છે કે 'આપવું' તે દુઃખ નહિ પણ આનંદ છે; અને આકારને દુઃખમય લાગે છે તે આત્માને-જે આપણું ખરૂં જીવન છે તેને-આનંદરૂપ લાગે છે; તે વખતે આપણે જોઇ શકીએ છીએ કે યજ્ઞનું સ્વરૂપ જે ભયંકર લાગતું હતું તે કેવળ ભ્રમ હતો. તેના કરતાં જે સ્વતંત્ર આત્મા પોતાનું જીવન બહાર રેડીને પરમાત્મા સાથે એકતા અનુભવે છે, તેનું સુખ દુનિયા આપી શકે તેવા કોઇ પણ સુખ કરતાં વધારે તીવ્ર હોય છે, ધન અને સત્તાથી જે ખુશાલી ઉપજે, તેના કરતાં તેની ખુશાલી અધિક હોય છે, અને તેનો આનંદ જગતના કોઇ પણ આનંદ કરતાં વધારે આનંદમય હોય છે. વળી તે જાણે છે કે હવે તે એકાદ આકારની મર્યાદામાં રહેવાને બદલે અનેક આકારોમાં રહી શકે છે, અને ઘણી પ્રણાલિકાઓ દ્વારા તેનું જીવન વહે છે.

જેઓએ એકતાના જ્ઞાનનો અનુભવ કર્યો છે, અને જેઓ મનુષ્ય જાતિના નાયકો, મદદગારો અને રક્ષકો બન્યા છે, તેવા મનુષ્ય જાતિના ઉદ્ધારકોનો આનંદ આવા પ્રકારનો હોય છે. પગથીયે પગથીયે ધીમે ધીમે, તેઓ ઉંચે અને ઉંચે ચઢ્યા છે. તેઓએ તે ઉપર

જણાવેલો શૂન્યતાનો અખાત ઓળંગ્યો છે, અને તે અખાતની બીજી બાજુએ તેઓએ પગ મૂકયો છે. જીવનની સત્યતાનું ભાન તેઓને થયું છે, અને શૂન્યતાના અખાતમાં જ્યાં તેઓ થોડા સમયને સારૂ પોતાની જાતને ભુલી ગયા હતા, તેને સામે તીરે તેઓ પોતાને આકારોની દુનિયાની ઉપર જોવા લાગ્યા. ઉચ્ચ દૃષ્ટિ બિન્દુથી જોતાં બધા-આકારો એક આત્મા—એક જીવનનાં વિવિધ વાહનો છે. તેઓને અચિંત્ય આનંદ સાથે અનુભવ થયો છે કે આત્મા અસંખ્ય આકારોમાં પ્રકટ થઇ શકે, અને કોઇપણ આકાર વચ્ચે ભેદભાવ જાણે નહિ, પણ બધા આકારોને એકજ આત્માની પ્રણાલિકા રૂપ ગણે.

આ કારણથીજ જગદુદ્ધારકો મનુષ્ય જાતિને મદદ કરી શકે, અને પોતાના નિર્બળ બંધુઓને પ્રબળ બનાવી શકે.

જ્યાં સર્વ આત્માઓ એક જણાય છે, એવી સ્થિતિએ પહોંચવાથી સર્વ આકારો તેના પોતાના લાગે છે. તે દરેક આકારમાં પોતાને જુવે છે. તે આનંદી સાથે આનંદ લઇ શકે, દુઃખી સાથે દુઃખ અનુભવી શકે, તે નિર્બળની સાથે નિર્બળ બની શકે, અને સબળ સાથે સબળ બની શકે—સર્વ તેના પોતાના ભાગો છે.

ધર્મિષ્ઠ અને પાપી તેને સમાન લાગે છે. તેને એક ઉપર રાગ નથી, બીજા ઉપર દ્વેષ નથી. તે જોઇ શકે છે કે દરેક પગથીયે એકજ આત્મા કામ કરી રહ્યો છે—તેનું પોતાનું જીવન કામ કરી રહ્યું છે. તે પોતાને પત્થરમાં, પશુમાં, જંગલીમાં, તેવીજ રીતે સંતમાં અને જ્ઞાનીમાં જુએ છે અને સર્વ સ્થળે એકજ જીવન જુએ છે, અને પોતે તે જીવન છે, એમ જાણે છે. તો પછી ભયને વાસ્તે કયાં સ્થાન છે? તો પછી ઠપકાને વાસ્તે કયાં અવકાશ છે? એક આત્મા સિવાય

બીજું કાંઇ છેજ નહિ, અને ભય આપવાને અથવા સામું થવાને તે સિવાય બીજું કાંઇ છેજ નહિ.

તેજ ખરી શાંતિ છે, અને કેવળ તેજ ખરૂં જ્ઞાન છે. આત્માને જાણવો તેજ ખરી આધ્યાત્મિકતા છે અને તે જીવનજ આનંદ અને શાંતિરૂપ છે.

આ પ્રમાણે યજ્ઞનો નિયમ, જે જીવનનો નિયમ છે, તેજ આનંદનો નિયમ છે. અને ગ્રહણ નહિ કરવામાં અને આપવામાં જે આનંદ છે, તેના કરતાં વધારે તીવ્ર આનંદ બીજા કશામાં નથી; અને કોઇપણ પરિમિત આનંદ આત્માર્પણના આનંદ જેવો નથી.

જો એક ક્ષણવાર પણ આધ્યાત્મિક જીવનનો ઝાંખો પ્રકાશ પણ આપણે મેળવી શકીએ તો આ ક્ષણિક દુનિયાનું ખરૂં પ્રમાણ આપણા સમજવામાં આવે, અને જગત જેને કિંમતી ગણે છે તે સર્વની અસારતા તરતજ આપણા કબ્જામાં આવશે. યજ્ઞનો નિયમ કહો કે જીવનનો નિયમ કહો કે આનંદનો નિયમ કહો કે શાંતિનો નિયમ કહો, પણ તે એકજ છે, અને આ મહાવાક્યમાં તે સમાઈ જાય છે કે “ હું તે તું છું, અને તું તે હું છું.”

હવે આપણે એ ક્ષણવાર ઉચ્ચભાવનાને આપણી દરરોજની ભૂમિકામાં લાવીએ અને આ યજ્ઞનો નિયમ જ્યારે આપણા જીવનમાં કામ કરવા લાગે, ત્યારે બાહ્ય દુનિયામાં તે કેવા રૂપમાં પ્રકટ થાય તે આપણે તપાસીએ.

આપણે એક પળને વાસ્તે પણ આત્માની એકતા અનુભવવાનો પ્રયત્ન કર્યો છે. આપણે જ્ઞાનના ગ્રંથનો એક શબ્દ કે એક અક્ષર શીખ્યા છીએ. ત્યારે આપણે આપણા માનવબંધુઓ તરફ કેવી રીતે વર્તીશું? આપણે કોઈ મનુષ્યને નીચો, અધમ, અજ્ઞાન અથવા અપ-

વિત્ર જોઇએ છીએ, સગપણના કે ભૂતકાળના કર્મના કોઈ ખાસ સંબંધથી આપણે તેની સાથે જોડાયા નથી, તેમજ જેને ફરજ ગણી શકીએ, તેવા કોઇ કારણથી પણ આપણો અને તેનો સંબંધ નથી, પણ યજ્ઞના નિયમથી આત્માનું ઐક્ય અનુભવ્યા પછી જ્યારે આપણે તે માનવ કુંટુંબના બહિષ્કૃત મનુષ્યને જોઇએ છીએ. ત્યારે આપણે તેનામાં આત્માને જોઇએ છીએ, તેનું શરીર અદશ્ય થાય છે, અને આપણને લાગે છે કે આપણે તેજ મનુષ્ય છીએ, અને તે મનુષ્ય તેજ આપણે છીએ. માટે દુનિયાના મનુષ્યમાં જે તિરસ્કાર હોય તેને બદલે અહીં દયા પ્રકટે છે. દ્વેષનું સ્થાન પ્રેમ લે છે. બેદરકારીને બદલે માયાળુતા પ્રસરે છે, અને આ પ્રમાણે તે યજ્ઞ કરનાર તેની આસપાસના મનુષ્યો તરફ દયાની વૃત્તિ પ્રકટ કરે છે. તે બાહ્ય આકારનું અનાકર્ષક તત્ત્વ જોતો નથી; પણ તે આકારમાં બિરાજતા આત્માની સુંદરતા પિછાને છે.

આવો યજ્ઞ કરનાર જ્ઞાની છે, અને તે ધારો કે કોઈ અજ્ઞાનીના સંબંધમાં આવે છે. જ્ઞાની મનુષ્યને અજ્ઞાની મનુષ્ય તરફ ઉત્પન્ન થતો તિરસ્કાર શું તેના મનમાં આવે છે? અને તેના કરતાં પોતે મોટો હોય, અને તેનાથી તદ્દન ભિન્ન હોય એમ શું પોતાને ગણે છે? તે પોતાના જ્ઞાનને પોતાની ખાનગી મિલકત રૂપ ગણતો નથી; પણ સર્વની સામાન્ય મિલકતરૂપ ગણે છે. અને બીજા શરીરોમાં રહેલા અજ્ઞાનીઓને પોતાના જુદા શરીરમાં રહેલું જ્ઞાન વ્હેંચી આપે છે, અને કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય તે આ કામ કરી શકે છે, કારણકે આત્મા એક છે.

અને પ્રાકૃતિક દુનિયાના બીજા ભેદોના સંબંધમાં પણ આવોજ નિયમ લાગુ પડે છે. જે યજ્ઞના નિયમ પ્રમાણે જીવન ગાળે છે તે

આત્માનું ઐક્ય સ્વીકારે છે, અને તે અંદરના આત્મામાં નહિ પણ તે આત્માને ઝીલનારાં પાત્રોમાં ભેદભાવ જુએ છે તેથી તે પોતાના ભિન્નપાત્રમાં જે જ્ઞાન અને વિજ્ઞાન એકઠું કરે છે, તે બીજાઓને પ્હેંચવા માટેજ કરે છે અને તે જુદા જીવનની ભાવના ભૂલી જાય છે, અને વિશ્વના જીવનનો એક ભાગ બની જાય છે.

જેમ જેમ તેને આ બાબતનો અનુભવ થાય છે, અને તે જાણે છે કે શરીરની કીંમત ઉચ્ચ તત્ત્વની–તે ઉચ્ચ જીવનની પ્રણાલિકા થવામાં રહેલી છે, તેમ તે એકતા સિવાયના બીજા બધા વિચારોથી પર જાય છે, અને આ આખી દુઃખ ભોગવતી દુનિયાના ભાગરૂપ પોતાને ગણવા લાગે છે. તે વખતે તેને લાગે છે કે દુનિયાનાં દુઃખો તે મારાં દુઃખો છે, દુનિયાનાં પાપો તે મારાં પાપો છે. મારા બંધુઓની નિર્બળતાઓ તે મારી નિર્બળતાઓ છે. આ પ્રમાણે તે એકતા અનુભવે છે, સર્વ ભેદોની પાછળ રહેલા એક આત્માને જોઇ શકે છે.

ફક્ત આજ રીતે આપણે અનંતકાળમાં જીવી શકીએ.

मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति.

શ્રુતિ જણાવે છે કે જે નાનાત્વ–ભેદભાવ જુએ છે તે મરણ પછી મરણની સ્થિતિમાં ભટક્યાજ કરે છે. જે મનુષ્ય ભેદભાવ જુએ છે, તે દરરોજ મરી રહ્યો છે; કારણ કે તે આકારમાં રહે છે. જે આકાર દર પળે ક્ષય પામતોજ હોય છે અને તેટલા માટે તે મરણાધીન છે, પણ તે આત્મામાં જીવતો નથી કે જે જીવનરૂપ છે.'

હે મારા બંધુઓ! જે પ્રમાણમાં તમે અને હું દરેકની વચ્ચે રહેલા ભેદભાવને ભુલી જઇને, જીવનનું ઐક્ય અનુભવીશું, અને સર્વમાં એક સામાન્ય જીવન છે તે જાણીશું, અને કોઇને પોતાના

ભાગ વાસ્તે અભિમાન ધારણ કરવાનો હક્ક નથી, અને બીજાના ભાગ કરતાં પોતાનો ભાગ જુદો છે, એમ ગર્વ કરવાનો અધિકાર નથી, આમ જે પ્રમાણમાં આપણે સમજીશું, તે પ્રમાણમાં આપણે આધ્યાત્મિક જીવન ગાળીશું.

જે જ્ઞાન ઋષિઓએ આપ્યું છે તેનું આ અંતિમ વચન છે, પરાકાષ્ઠા છે. આ કરતાં જરાપણ ન્યૂન હોય તે આધ્યાત્મિક ગણાય નહિ. આ કરતાં જરાપણ ન્યૂન હોય તે ખરૂં જ્ઞાન ગણાય નહિ. આ કરતા જરાપણ ન્યૂન હોય તે ખરૂં જીવન ગણાય નહિ.

જે જીવન ભેદભાવ જાણતું નથી અને જે ભિન્નતા સ્વીકારતું નથી, તે જીવનની ભવ્યતા અને સુંદરતાનો ઝાંખો પ્રકાશ જે ગુરૂ-દેવની કૃપાથી મેં કાંઈક અનુભવ્યો છે તેનું એક કિરણ મારી વાણીના ચાતુર્યથી અથવા લાગણીના પ્રાબલ્યથી જો હું તમને એક ક્ષણવાર પણ બતાવી શકું તો તેની ભવ્યતાની સુંદરતાથી તમારાં હૃદયો એ-ટલાં બધાં આકર્ષાય કે જીવનની એકતાના અનિર્વચનીય આનંદ આગળ પૃથ્વીની સર્વ સુંદરતાઓ કેવળ કદ્રુપી લાગે, પૃથ્વીનું સર્વ સોનું કચરા સમાન લાગે અને દુનિયાના સઘળા ખજાનાઓ રસ્તા ઉપરની ધૂળ સમાન જણાય.

એકવાર આ અદ્દ્ભુત દર્શન થયા પછી પણ મનુષ્યોના ભિન્ન ભિન્ન જીવનો વચ્ચે ઇન્દ્રિયોના મોહ વચ્ચે અને મનની ભ્રાન્તિ વચ્ચે તે દર્શન ટકાવી રાખવું ઘણું મુશ્કેલ હોય છે. પણ એકવાર પણ—એક ક્ષણ પણ જો તેનું દર્શન થાય તો આખી દુનિયા તેને વાસ્તે બદલાઇ જાય છે. અને આત્માની ભવ્યતા જોયા પછી તે સિવાયનું બીજા પ્રકારનું જીવન જીવવા યોગ્ય લાગતું નથી.

સર્વ જીવનની પાછળ રહેલા જીવનનો, સર્વ આત્માઓની પાછળ

રહેલા આત્માનો અદ્ભુત સાક્ષાત્કાર કેવી રીતે આપણે ખરો બનાવીશું ? કેવી રીતે આપણા જીવનના એક ભાગરૂપ બનાવીશું ? દરરોજના જીવન વ્યવહારમાં નાનાં નાનાં સ્વાર્થ ત્યાગનાં કામો કરીને, આપણા દરેક વિચારમાં, શબ્દમાં અને કાર્યમાં તે એકતા પ્રમાણે જીવન ગાળીને; અને તે એકતા ઉપર પ્રેમ રાખીને આપણે તે કામ કરવાનું છે.

આપણે આ બોલવાનું નથી પણ દરેક પ્રસંગે આચારમાં મુકવાનું છે. બીજાઓને આગળ મુકવા જોઇએ, અને આપણી જાતને પાછળ મુકવી જોઇએ. આપણે બીજાની જરૂરીઆતો સમજવી જોઇએ અને પુરી પાડવા પ્રયત્ન કરવો જોઇએ. આપણા હલકા સ્વભાવની માગણીઓ પ્રત્યે દુર્લક્ષ રાખવું જોઇએ અને તે સાંભળવાની ના પાડવી જોઇએ; અને જ્યાં સુધી પર્વતના શિખરે ન પહોંચાય ત્યાં સુધી દર કલાકે, દર દિવસે, દર વર્ષે આપણે ઉપર પ્રમાણેનું જીવન ગાળવાને નમ્રતાથી, ધીરજથી અને ખંતથી પ્રયત્ન કરવો જોઇએ.

આપણે 'મોટા સ્વાર્થ ત્યાગ'ની વાતો કરીએ છીએ. જે મહાત્માઓને પગે પડીએ છીએ તે મહાત્માઓએ 'મોટો સ્વાર્થત્યાગ' કર્યો છે એમ બોલીએ છીએ. જ્યારે તેઓ નિર્વાણના ઉમરા ઉપર આવી ઉભા અને દુઃખથી પીડાતા જગતની બૂમ સાંભળીને મદદ કરવા આવ્યા, તેજ વખતે તેમણે આ "મોટો સ્વાર્થભોગ" આપ્યો હતો, એવો ખ્યાલ કદાપિ લાવશો નહિ. માટે તે જ વખતે ખરો અને "મોટો સ્વાર્થભોગ" આપ્યો હતો એમ કાંઇ નથી.

તેઓએ પોતાના પૂર્વના સેંકડો ભવોમાં તેવો જાતિભોગ આપ્યો હતો. દરરોજના જીવન વ્યવહારમાં નાની નાની બાબ-

તેમાં સ્વાર્થત્યાગ કરીને, નિરંતર દયા બતાવીને અને દરરોજના સામાન્ય કાર્યોમાં પણ જાતિભોગ આપીને—આવી રીતે તેઓએ 'મહાન્ સ્વાર્થ ત્યાગ' કર્યો હતો. તેઓએ નિર્વાણના દરવાજા આગળ છેલ્લી ઘડીએજ આ કામ કર્યું ન હતું; પણ તેઓએ સંખ્યાબંધ જીંદગીમાં એક સરખી રીતે સ્વાર્થભોગ આપવાનું ચાલુ રાખ્યું હતું.

આ સ્વાર્થભોગ તેઓએ એટલી બધીવાર આપ્યો હતો કે આત્મભોગ એ તેમનું જીવન થઈ રહ્યું હતું, અને તે એટલે સુધી કે છેલ્લી પળે જ્યારે પસંદગી કરવાનો સમય આવ્યો ત્યારે ભૂતકાળના આત્મભોગની આ વિશ્વના દફતર ઉપર નોંધ રાખવા સિવાય બીજું કાંઈ તેઓને સૂઝયું નહિ.

મારા બંધુઓ! આપણને પણ એવી ઇચ્છા થતી હોય તો ચાલો, તમે અને હું આજથી તે 'મહાન્ સ્વાર્થત્યાગ'નું કામ આરંભીએ; પણ જો આપણે આપણા દરરોજના જીવનવ્યવહારમાં આપણા જાતિભાઇ સાથેના આપણા સંબંધમાં તેનો આરંભ ન કરીએ તો યાદ રાખજો કે જ્યારે આપણે પર્વતની ટોચે ઉભા રહીશું ત્યારે તે આપણે કરી શકીશું નહિ. દરરોજ સ્વાર્થ ત્યાગ કરવાની ટેવ, લેવા કરતાં આપવાની ટેવ જો આપણે પાડતા રહીએ, તો બાહ્ય જગત્ જેને "મહાન્ સ્વાર્થ ત્યાગ" કહે છે તે કરવાને આપણે શીખીશું.

બહાદુરીનાં મોટાં કામોનાં આપણને સ્વપ્ન આવે છે; મોટી કસોટીઓમાંથી પસાર થવાનું આપણે ધારીએ છીએ. વળી આપણે વિચારીએ છીએ કે મુમુક્ષુનું જીવન ભારે કસોટીઓથી ભરેલું

હોય છે કે જે કસોટીઓ વાસ્તે તે મુમુક્ષુ તૈયાર રહે છે, આંખો ઉઘાડી રાખી તે તરફ જાય છે, અને એક મોટા પ્રયત્નથી–એક મોટા યુદ્ધથી–તે વિજયની ટોચે જઇ પહોંચે છે.

આવું આવું આપણે ધારીએ છીએ, પણ બંધુઓ ! ખરી વાત એમ નથી. મુમુક્ષુનું જીવન સંખ્યાબંધ નાના નાના સ્વાર્થ ત્યાગનાં કામોથી ભરેલું હોય છે. તે જીવન નાની બાબતોમાં સમાયેલા સંખ્યા-બંધ આત્મભોગનું બનેલું હોય છે.

ઉચ્ચ તત્ત્વ સર્વથા જીવતું રહે, તે માટે હલકા તત્ત્વનો વારંવાર ભોગ આપવો એજ મુમુક્ષુનું જીવન છે. આખા જગતને ચકીત કરે તેવા બહાદુરીના એકાદ કામથી કાંઇ મહાત્માના શિષ્ય થવાતું નથી. મુમુક્ષુએ પોતાના ગૃહમાં, નગરમાં, ઓફિસમાં, બજારમાં અને બીજા મનુષ્યો સાથેના સામાન્ય વ્યવહારમાં મુમુક્ષુ તરીકેનું જીવન ગાળવું જોઇએ. જેમાં મનુષ્ય સ્વાર્થ તદ્દન ભુલી જાય છે, સ્વાર્થત્યાગ એટલો બધો સામાન્ય થઇ પડે છે કે તેને માટે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી, અર્થાત્ સ્વાર્થત્યાગ એ સ્વાભાવિક ગુણ થઇ પડે છે, તેજ ખરૂં આત્મભોગનું જીવન ગણી શકાય. જો આપણે દરરોજ ખંતથી એવું નિઃસ્વાર્થ અને આત્મભોગનું જીવન ગાળીએ, બીજાઓના ભલા વાસ્તે જો આપણે આપણા હૃદયનો પ્રેમ વ્હેવરાવીએ, તો એક દિવસ આપણે ઉન્નતિક્રમના પર્વતની ટોચે ઉભા રહીશું, અને તે વખતે ‘ મહાન્ સ્વાર્થત્યાગ ’ સિવાય બીજું કાંઇ પણ સંભવિત હોય, એવો વિચાર સરખો કર્યા સિવાય આપણે તે કામ કરી શકીશું. સર્વને શાંતિ હો !

મણિલાલ ન. દોશી કૃત પુસ્તકો.

થિઓસોફી લેખમાળા	૧-૮-૦
કાચું પૂંઠું.	૦-૧૨-૦
દિવ્ય જીવન	૧-૦-૦
કાચું પૂંઠું.	૦-૧૨-૦
શ્રી બુદ્ધ ચરિત્ર	૦-૧૦-૦
થિઓસોફીનાં મૂળતત્ત્વો	૦-૫-૦
ભગવદ્‌ગીતા અધ્યયન	૦-૧૨-૦
આદર્શ પુરૂષ થાને ગુરૂ મેળવવાનો માર્ગ	૦-૬-૦
સંયમ સામ્રાજ્ય	૦-૫-૦
પ્રભુમય જીવન	૦-૧૨-૦
ગુરૂ દર્શન	૦-૧૨-૦
ધર્મબિન્દુ	૨-૦-૦
શ્રદ્ધા એ જીવન	૦-૪-૦
શ્રી સીમન્ધર સ્વામીને ખુલ્લા પત્રો	૦-૬-૦
પ્રભુને નામે	૦-૩-૦
વિદ્યાર્થી બંધુઓની સેવામાં	૦-૪-૦
જગદ્‌ગુરૂનું આગમન અને તૈયારી	૦-૨-૦

જગદ્‌ગુરૂનું આગમન	૦-
જગદ્‌ગુરૂનું વિશ્વમાં સ્થાન	૦-
પૂર્વના તારાનું મંડળ	૦-
મહાત્માનું હૃદય	૦-
સુખની શોધ	૦-
શાંતિનું સ્થળ	૦-૬-
થિઓસોફી સંબંધે બે બોલ	૦-૧-૦
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં	૦-૧-૦
યોગમાર્ગનો ભોમીઓ	૦-
ચારિત્ર્ય રચના	૦-
બાળરક્ષણ અને બાળ-શિક્ષણ	૦-
ગૃહજીવનની અસર	૦-
માતપિતાનું કર્તવ્ય	૦-
પ્રેમ	૦-
થિઓસોફી અને કેળવણી	૦-
સખીને પત્રો	૦-

મળવાનું ઠેકાણું:—રતનપોળ, અમદાવાદ.